વિવિધ વૈશ્વિક રિપોર્ટ્સ અનુસાર, પાકિસ્તાન હાલના સમયે પોતાની હિસ્ટ્રીના સૌથી ગંભીર જળ સંકટમાંથી પસાર થઈ રહ્યું છે. ખાસ કરીને સિંધ અને બલુચિસ્તાન જેવા પ્રદેશોમાં પીવાના અને સિંચાઈના પાણીની ભારે અછત સર્જાઈ છે. સિંધના સિંચાઈ વિભાગના તાજેતરના સત્તાવાર આંકડાઓ અનુસાર, ત્યાંની નોર્થ વેસ્ટ કેનાલમાં ૬૪.૧ ટકા, રાઈસ કેનાલમાં ૩૮ ટકા અને દાદુ કેનાલમાં ૮૨ ટકા સુધી પાણીની અભૂતપૂર્વ અછત નોંધાઈ છે. પાકિસ્તાનની સમગ્ર કૃષિ આધારિત સિંચાઈ વ્યવસ્થાની કરોડરજ્જુ ગણાતા સુક્કુર બેરેજમાં પાણીનું સ્તર સતત ઘટી રહ્યું હોવાથી ત્યાંના કૃષિ ક્ષેત્ર અને સમગ્ર અર્થતંત્ર પર અત્યંત વિનાશક અસર પડવાની આશંકાઓ સેવાઈ રહી છે.

બીજી તરફ, પહેલગામ આતંકી હુમલાનો યોગ્ય જવાબ આપવા માટે ભારતીય સેનાએ 'ઓપરેશન સિંદૂર' હાથ ધર્યું હતું. આ ઓપરેશન હેઠળ ભારતે ૭ મેના રોજ મોડીરાતે ૧:૩૦ વાગ્યે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) માં આવેલા આતંકવાદીઓના ૯ મુખ્ય ઠેકાણાઓ પર અત્યંત ચોક્કસ અને વિનાશક હવાઈ હુમલા કર્યા હતા. ભારતીય વાયુસેનાએ કોટલી, બહાવલપુર, મુરીદકે, બાગ અને મુઝફ્ફરાબાદ સ્થિત આતંકી કેમ્પો પર બોમ્બમારો કર્યો હતો, જેમાં આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાનું મુખ્ય વડું મથક અને જૈશ-એ-મોહમ્મદના વડા મસૂદ અઝહરના ગુપ્ત અડ્ડાઓનો સંપૂર્ણ સફાયો કરી દેવામાં આવ્યો હતો અને અનેક કુખ્યાત આતંકવાદીઓને ઠાર મારવામાં આવ્યા હતા.

# ટ્રમ્પે ડ્રોન આયાત પર 100% સુધી ટેરિફ લગાવ્યો: ચીન પર નિર્ભરતા ઘટાડવા માટે રાષ્ટ્રીય સુરક્ષાનો હવાલો આપ્યો, UK-EU સહિત 7 દેશો પર શુલ્ક વધાર્યો

**વોશિંગ્ટન, તા.14**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રાષ્ટ્રીય સુરક્ષા અને આર્થિક હિતોને ધ્યાનમાં રાખીને એક અત્યંત મહત્વપૂર્ણ અને સખત નિર્ણય લીધો છે. ટ્રમ્પ પ્રશાસને માનવરહિત વિમાન એટલે કે ડ્રોન અને તેના વિવિધ કમ્પોનન્ટ્સની આયાત પર 100 ટકા સુધીનો જંગી સીમા શુલ્ક એટલે કે ટેરિફ લાગુ કરવાની સત્તાવાર જાહેરાત કરી છે. મુખ્યત્વે ચીનના વર્ચસ્વ વાળા આ ટેકનોલોજી ક્ષેત્રમાં અન્ય વિદેશી દેશો પરની નિર્ભરતા ઘટાડવા અને રાષ્ટ્રીય સુરક્ષાને મજબૂત કરવાના ઉદ્દેશ્યથી આ પગલું ભરવામાં આવ્યું છે. વ્હાઈટ હાઉસ દ્વારા જારી કરાયેલા સત્તાવાર નિવેદનમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ નિર્ણયથી અમેરિકામાં જ ડ્રોન અને તેના કમ્પોનન્ટ્સનું સ્થાનિક ઉત્પાદન ઝડપથી વધશે અને વિદેશી સપ્લાય ચેઈન પરની નિર્ભરતામાં મોટો ઘટાડો થશે.

રાષ્ટ્રીય સુરક્ષાની દૃષ્ટિએ અત્યંત સંવેદનશીલ ગણાતા ડ્રોન પર સૌથી વધુ 100 ટકા ટેરિફ લાદવામાં આવશે. આ 100 ટકા ટેરિફ ખાસ કરીને 25 કિલોગ્રામથી વધુ વજન ધરાવતા અથવા થર્મલ ઈમેજિંગ ક્ષમતાઓ ધરાવતા ડ્રોન પર લાગુ કરવામાં આવશે. બીજી તરફ, જે ડ્રોનનું ટેક-ઓફ વજન 25 કિલોગ્રામ કે તેથી ઓછું છે, તેમના પર 25 ટકાનો સીમા શુલ્ક લાગુ થશે. આદેશ પર હસ્તાક્ષર થયાના 21 દિવસની અંદર મોટાભાગના નવા ટેરિફ અમલમાં આવી જશે, જ્યારે જે ડ્રોન કમ્પોનન્ટ્સ ખૂબ જ સંવેદનશીલ શ્રેણીમાં આવતા નથી, તેમના પર ટેરિફ 180 દિવસ પછી લાગુ થશે. આ સિવાય એક ખાસ છૂટછાટ પણ આપવામાં આવી છે, જે મુજબ હસ્તાક્ષરના 20 દિવસની અંદર અમેરિકી યુદ્ધ વિભાગ દ્વારા એફસીસીની 'કવર્ડ લિસ્ટ'માંથી મુક્તિ મેળવેલા ઉત્પાદનો અને કમ્પોનન્ટ્સ પર પણ ટેરિફ 180 દિવસ પછી જ લાગુ કરવામાં આવશે. વોશિંગ્ટન દ્વારા લેવાયેલા આ આકરા નિર્ણયની વિશેષતા એ છે કે તેમણે માત્ર ચીન જેવા વિરોધી દેશો પર જ નહીં, પરંતુ પોતાના જૂના સહયોગી દેશોમાંથી આવતા ડ્રોન પર પણ ટેરિફ ઝીંકી દીધો છે. યુરોપિયન યુનિયન, જાપાન, લિક્ટેનસ્ટેઈન, દક્ષિણ કોરિયા, સ્વિટ્ઝર્લેન્ડ અને તાઈવાનથી આયાત થતા ડ્રોન અને તેના પાર્ટ્સ પર 15 ટકા સીમા શુલ્ક વસૂલવામાં



આવશે. આ સિવાય યુનાઈટેડ કિંગડમ એટલે કે યુકેથી આવતા ડ્રોન પર 10 ટકા શુલ્ક લાગશે, પરંતુ તેના માટે શરત એ રહેશે કે તેમના મોટાભાગના હાર્ડવેર, સોફ્ટવેર અને ટેકનોલોજીની ઉત્પત્તિ યુકે અથવા અમેરિકામાં જ થઈ હોવી જોઈએ.

ફાઈનાન્સિયલ ટાઈમ્સના અહેવાલ મુજબ, ટ્રમ્પ પ્રશાસન ચીની ડ્રોન ટેકનોલોજી પર પોતાની કાર્યવાહી સતત તેજ કરી રહ્યું છે ત્યારે આ નિર્ણય અત્યંત મહત્વપૂર્ણ બની જાય છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં ફેડરલ કોમ્યુનિકેશન્સ કમિશન એટલે કે એફસીસીએ ચીની ડ્રોનની આયાત પર પ્રતિબંધ મૂક્યો હતો અને વિરોધી દેશોના ડ્રોનને વાયરલેસ કોમ્યુનિકેશન્સની મંજૂરી આપવા પર રોક લગાવી દીધી હતી. હાલમાં વૈશ્વિક બજારમાં ચીનના શેનઝેન સ્થિત જાણીતી કંપની ડીજીઆઈ ટેકનોલોજીસનું એકહથ્થુ પ્રભુત્વ છે, જેનો ગયા વર્ષ સુધી અમેરિકી કોમર્શિયલ ડ્રોન બજારમાં લગભગ 70 ટકા જેટલો વિશાળ હિસ્સો હતો. તાજેતરમાં ચીને પણ અમેરિકી વેપારી પ્રતિબંધોના વળતા જવાબરૂપે અમેરિકાને ડ્રોન નિકાસ કરવા પર રોક લગાવી હતી અને છ અમેરિકી કંપનીઓને બ્લેકલિસ્ટ કરી દીધી હતી. બ્લૂમબર્ગના રિપોર્ટ અનુસાર, હાલમાં ચાલી રહેલા રશિયા-યુક્રેન યુદ્ધે આધુનિક યુદ્ધક્ષેત્રમાં ડ્રોનની નિર્ણાયક ભૂમિકાને સમગ્ર વિશ્વ સામે ઉજાગર કરી છે. બંને દેશો દ્વારા પોતાના વિસ્તારના રક્ષણ અને દુશ્મનના વિસ્તાર પર કબજો કરવા માટે જે રીતે ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો છે તેણે એક નવા 'હાઈબ્રિડ વોર'ની શરૂઆત કરી દીધી છે. ટ્રમ્પે પોતાના સત્તાવાર પત્રમાં અનમેન્ડ એરક્રાફ્ટ સિસ્ટમને અમેરિકાની રાષ્ટ્રીય અને આર્થિક સુરક્ષા માટે અત્યંત જરૂરી અને સંવેદનશીલ ગણાવ્યું છે.

અમેરિકા અને ચીન વચ્ચેની ટેકનોલોજી સ્પર્ધાના અગ્રણી નિષ્ણાત ક્રેગ સિંગલટને જણાવ્યું છે કે આ નિર્ણય વૈશ્વિક કોમર્શિયલ ડ્રોન માર્કેટને સંપૂર્ણપણે નવો આકાર આપશે. આ નિર્ણય ચીનના ડ્રોન ઉદ્યોગ અને તેની નિકાસને ગંભીર રીતે અસર કરશે, જેના કારણે ટ્રમ્પ અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે યોજાનારી આગામી ઉચ્ચસ્તરીય બેઠક પહેલાં બંને મહાસત્તાઓ વચ્ચે રાજદ્વારી અને વેપાર તણાવ વધુ વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. સામાન્ય ભાષામાં અનમેન્ડ એરક્રાફ્ટ સિસ્ટમ એટલે કે યુએએસને ડ્રોન તરીકે ઓળખવામાં આવે છે. આ એક એવા પ્રકારના અદ્યતન વિમાનો હોય છે જેમાં કોઈ માનવીય પાયલટ રૂબરૂ બેસતો નથી, પરંતુ તેને જમીન પરથી રિમોટ કંટ્રોલ અથવા ઓટોમેટિક સોફ્ટવેર પ્રોગ્રામિંગ દ્વારા આકાશમાં ઉડાડવામાં આવે છે. વર્તમાન સમયમાં ડ્રોનનો ઉપયોગ માત્ર ફોટોગ્રાફી કે સામાનની ડિલિવરી સુધી સીમિત નથી રહ્યો, પરંતુ મિલિટરી સર્વેલન્સ, બોર્ડર સિક્યુરિટી અને યુદ્ધ દરમિયાન સચોટ હુમલા કરવા માટે પણ વ્યાપક પાયે થઈ રહ્યો છે.

## તંત્રી લેખ

# વિમાન પ્રવાસમાં વધતા જોખમો હાઇસ્પીડ ટ્રેનોમાં વધુ સવલતો

જે રીતે વિમાન પ્રવાસ જોખમી બની રહ્યા છે તે જોતાં એમ લાગે છેકે લોકો વંદેભારત જેવી હાઇ સ્પીડજ ટ્રેનમાં પ્રવાસ કરવાનું વધુ સલામત અને આરામદાયક સમજી રહ્યા છે. વિમાન પ્રવાસ દરમ્યાન એ.સી બંધ હોવા જેવી અનેક ફરિયાદો સાંભળનાર કોઇ નથી હોતું. હવેના નવા એસટી મથકો પણ એરપોર્ટ જેવા લાગી રહ્યા છે. તાજેતરમાં અમદાવાદ ખાતે બીજું એસટી બસ સ્ટેન્ડ ખુલ્લું મુકાયું ત્યારે લોકોને ખ્યાલ આવ્યો કે એસટી મથક અનેક સુવિધાઓથી સજ્જ પણ બનાવી શકાય છે.

આપણે એમ સાંભળતા આવ્યા છેકે બસનો ડ્રાઇવર પીધેલો હતો માટે અકસમાત થયો પરંતુ ગયા અઠવાડિયે ફૂકેત થી દિલ્હી જઇ રહેલી એરઇન્ડિયાની ફ્લાઇટને લાગેલા આંચકાની પાછળ પીધેલો પાઇલોટ જવાબદાર હોવાનું બહાર આવ્યું છે. એર ટર્બ્યુલન્સ(વિમાનના આંચકા) બહુ ખતરનાક હોય છે. વિમાન અકસ્માત પણ થઇ શકે છે. દિલ્હી જતી એરઇન્ડિયાની ફ્લાઇટ અચાનકજ ૩૦૦ ફૂટ નીચે આવી જતાં સીટની ઉપર મુકાતા સામાન પ્રવાસીઓ પર પડયો હતો. અચાનકની ઘટનાથી વિમાનમાં ચીસાચીસ અને બચાવોની બૂમો પડી હતી. ૧૪ લોકોને ઇજા થઇ હતી. આ મામલો માંડ ચર્ચામાંથી દુર થયો હતો ત્યાં તો ગઇકાલે સ્પાઇસ જેટની ફ્લાઇટમાં એસી બંધનો ડખો ચર્ચાસ્પદ બન્યો હતો. એસી બંધ હોવાની ફરિયાદ સાંભળનાર પણ કોઇ નહોતું. વિમાનની અંદર પ્રવાસીઓનું ધ્યાન રાખતા એટેન્ડન્ટ પાસે પણ કોઇ જવાબ નહોતો. વિમાનમાં રહેલી ટેકનિકલ ખામીના નિકાલ માટે વિમાન કંપનીઓ બહુ ગંભીર નથી હોતી. જો પ્રવાસીઓને કલાક પહેલાં એરપોર્ટ પર બોલાવી લેવાતા હોય તો તે સમય દરમ્યાન ટેકનીકલ ચેકઅપની જાણ પણ પ્રવાસીઓને કરવી જોઇએ એવો મત પ્રવર્તી રહ્યો છે. મુંબઇ કે સુરત જતા લોકો માટે હાઇસ્પીડ ટ્રેન વંદેભારત આશિર્વાદ રૂપ બની છે. કલાક વહેલા નહીં જવાનું, પ્રવાસીની ફરિયાદ માટેના ફોન નંબરોને ત્વરીત ઉકેલ.એસી ચાલતું ના હોય તો ફરયાદ કરો, કચરો પડી રહ્યો હોય તો ફરિયાદ કરો જેવી સવલતોના એનાઉન્સમેન્ટ જોવા મળે છે. ટ્રેનોમાં કવચ સિસ્ટમનો ઉપયોગ શરૂ કરાયા બાદ સામસામે ટ્રેન ટકારાવાની ઘટના હવે જોવા નથી મળતી.

વંદેભારત જેવી ટ્રેનમાં પ્રવાસ એ લકઝરી પ્રવાસની યાદીમાં આવે છે. મુંબઇ જવા માટે વિમાન પ્રવાસ કરતાં હાઇસ્પીડ ટ્રેનનો ચાર્જ ૭૦ ટકા ઓછો છે. ડોમેસ્ટીક ફ્લાઇટમાં મુબઇની ટિકીટ એવરેજ ૩૫૦૦ રૂપિયા છે. ઇમર્જન્સીમાં ચાર્જ ૯,૫૦૦ સુધી પહોંચે છે તો વંદેભારત,શતાબ્દી,તેજસ જેવી ટ્રેનમાં એવરેજ ૧૩૦૦ રૂપિયા ચાર્જ લે છે. અમદાવાદમાં એરપોર્ટ પર જવાનો ખર્ચ, મુંબઇ ઉતર્યા પછીનો ટેક્ષી ખર્ચ, મોબાઇલ જોવાની સવલત,એરપોર્ટ પર કલાક વહેલાં પહોંચવું તેમજ પ્રવાસ દરમ્યાન અકસ્માતનો સતત ડર વગેરે જોતાં હાઇસ્પીડ ટ્રેન વધુ સલામત,સસ્તી અને આરામ દાયક હોય છે.

હવે તો એકલ દોકલ પ્રવાસીઓ વિમાનના પ્રવાસ દરમ્યાન પોતાના ઘરના સંપર્કમાં રહે છે. જેમકે પહેંચી ગયો છું, પ્લેન લેટ છે વગેરે વગેરે. ઘરના લોકો પણ વિમાન પ્રવાસ દરમ્યાન ઉચાટ અનુભવતા હોય છે. અમદાવાદનો વિમાન અકસમાત હજુ લોકોની આંખ સામે તરવરે છે. વિદેશ પ્રવાસ માટે વિમાન પ્રવાસનો કોઇ વિકલ્પ નથી પરંતુ સ્થાનિક પ્રવાસ માટે હાઇ સ્પીડ ટ્રેન વધુ સવલતોભર્યા પ્રવાસનો અનભવ કરાવે છે.આધુનિક રીતે તૈયાર કરાયેલા નવા વિમાનો સખત આંચકા વખતે પણ સ્થિરતા મેળવી લે છે. ચાલુ વિમાને આંચકા ક્રૂ મેમ્બરો માટે તો બહુ જોખમી હોય છે. પ્રવાસીઓ સીટ બેલ્ટ સાથે બેઠા હોય છે પરંતુ ક્રૂ મેમ્બરો કોઇ ને કોઇ કામ માટે વિમાનમાં ફરતા હોય છે. દિલ્હી જતી એરન્ડિયાની ફ્લાઇટના ક્રૂ મેમ્બરો આંચકા સાથેજ ઉછળ્યા હતા અને અહીં તહીં ફંગોળાતા હતા. કલ્પના કરો કે એ સમય કેવો હશે કે જ્યારે વિમાનમાં ચીસાચીસ થતી હશે અને પ્રવાસીઓ ડરના માર્યા બચાઓ-બચાઓની બૂમો પાડતા હશે. વિમાનના આંચકા બંધ થયાના કલાક સુધી લોકો ડરેલા હતા.

ક્રૂડનું સંકટ હજુ શાંત પણ નથી થયું ત્યાં નબળા ચોમાસા, વધતી મોંઘવારી અને યુએસ ટેરિફ સંબંધિત નવી મુશ્કેલીઓએ ભારતીય અર્થતંત્રની ચિંતાઓ વધારી દીધી છે. તાજેતરમાં આરબીઆઇએ બેઠક બાદ દેશમાં મોંઘવારી, આર્થિક સ્થિતિ અને જીડીપીના ગ્રોથ રેટની વાસ્તવિક તસવીર રજૂ કરી છે. આ બેઠકમાં સંકેત આપવામાં આવ્યો હતો કે, આગામી સમય દેશના અર્થતંત્ર માટે પડકારજનક રહેવાનો છે : જરાય બેમત નથી કે અમેરિકા તરફથી રશિયા પર સંભવિત નવા અને કડક પ્રતિબંધો ભારતીય બજાર માટે એક મોટું વૈશ્વિક જોખમ બની શકે છે

# મોંઘવારી, નબળું ચોમાસું અને અમેરિકી ટેરિફથી અર્થતંત્ર ઉપર વ્યાપક દબાણ!

## સરકાર ભલે અચ્છે દિનના નગારા વગાડે પણ આરબીઆઇએ બુરે દિનના સંકેત આપી દીધા છે

ક્રૂડનું સંકટ હજુ શાંત પણ નથી થયું ત્યાં નબળા ચોમાસા, વધતી મોંઘવારી અને યુએસ ટેરિફ સંબંધિત નવી મુશ્કેલીઓએ ભારતીય અર્થતંત્રની ચિંતાઓ વધારી દીધી છે. તાજેતરમાં આરબીઆઈએ બેઠક બાદ દેશમાં મોંઘવારી, આર્થિક સ્થિતિ અને જીડીપીના ગ્રોથ રેટની વાસ્તવિક તસવીર રજૂ કરી છે. આ બેઠકમાં સંકેત આપવામાં આવ્યો હતો કે, આગામી સમય દેશના અર્થતંત્ર માટે પડકારજનક રહેવાનો છે : જરાય બેમત નથી કે અમેરિકા તરફથી રશિયા પર સંભવિત નવા અને કડક પ્રતિબંધો ભારતીય બજાર માટે એક મોટું વૈશ્વિક જોખમ બની શકે છે. ભારત માટે સૌથી મોટો પડકાર ઊર્જા ક્ષેત્ર સાથે જોડાયેલો છે, કારણ કે રશિયા સસ્તા ક્રૂડ ઓઈલનો મુખ્ય સ્ત્રોત છે. આવી સ્થિતિમાં જો નવા પ્રતિબંધોને કારણે રશિયાથી તેલ આયાતમાં અડચણ આવે છે, તો તેનાથી સ્થાનિક કંપનીઓની પડતર કિંમત અને દેશનો કુલ આયાત ખર્ચ વધી શકે છે : સૌથી મહત્ત્વનું તો કૃષિ ક્ષેત્રમાં ટેકનોલોજીનો ઉપયોગ વધારવાનું છે. જળ સંચય, પાક વૈવિધ્યીકરણ અને પ્રાઈસ સ્ટેબિલાઈઝેશન ફંડ દ્વારા કૃષિ ક્ષેત્રને નબળા ચોમાસાના જોખમોથી બચાવવું પડશે અને નવી ટેક્નોલોજી તથા નવી રોજગારી દ્વારા યુવાવર્ગને આ ક્ષેત્રમાં આકર્ષીને ભારતમાં ટેક્નોલોજી આધારિત હરિત ક્રાંતિ કરવાની તાતી જરૂરિયાત છે

દેશની સર્વોચ્ચ બેન્ક આરબીઆઈને તાજેતરમાં યોજાયેલી બેઠકમાં જે ચર્ચા થઈ અને જે નિર્ણયો લેવાયા તે દેશના અર્થતંત્ર માટે ખૂબ જ મહત્ત્વ ધરાવતા હતા. તેનાથી પણ વધારે દેશના સામાન્ય માણસોની જિંદગીને રોજિંદા ધોરણે વ્યાપક અસર કરનારા પણ હતા. આ બેઠકમાં સંકેત આપવામાં આવ્યો હતો કે, આગામી સમય દેશના અર્થતંત્ર માટે પડકારજનક રહેવાનો છે. ક્રૂડનું સંકટ હજુ શાંત પણ નથી થયું ત્યાં નબળા ચોમાસા, વધતી મોંઘવારી અને યુએસ ટેરિફ સંબંધિત નવી મુશ્કેલીઓએ ભારતીય અર્થતંત્રની ચિંતાઓ વધારી દીધી છે. તાજેતરમાં આરબીઆઈએ નાણાકીય નીતિ સમિતિની બેઠક બાદ દેશમાં મોંઘવારી, આર્થિક સ્થિતિ અને જીડીપીના ગ્રોથ રેટ સાથે જોડાયેલી વાસ્તવિક તસવીર રજૂ કરી છે. ઉલ્લેખનીય છે કે, રિઝર્વ બેંકે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ પર આધારિત મોંઘવારીનો અંદાજ ૫ ટકા કર્યો છે. જીડીપી ગ્રોથનો અંદાજ ૬.૭ ટકા કરવામાં આવ્યો છે. ખાસ કરીને રેપો રેટને સતત ચોથી વખત ૫.૨૫ ટકાના સ્તરે યથાવત્ રાખવામાં આવ્યો છે. આરબીઆઈએ એવું પણ કહ્યું છે કે આગામી દિવસોમાં અલ નીનોની અસર, ચોમાસું નબળું રહેવાને કારણે અને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને લીધે ખાણીપીણીની ચીજવસ્તુઓ અને પેટ્રોલ-ડીઝલ મોંઘા થઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે, વર્તમાન સમયમાં પશ્ચિમ એશિયા સંકટ અને અમેરિકાની આર્થિક નીતિઓનું ભારતીય અર્થતંત્ર પર ચારેય તરફથી દબાણ જોવા મળી રહ્યું છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નવા-નવા આર્થિક અને વ્યાપારી પ્રોટેક્શનિસ્ટ પગલાંથી ભારત માટે પડકારો વધી ગયા છે. આ સ્થિતિ મુખ્યત્વે અમેરિકાના વેપાર, કૃષિ, બૌદ્ધિક સંપદા અને શ્રમ બજાર સાથે જોડાયેલા નીતિગત ફેરફારોને કારણે ઊભી થઈ છે. આયાત પર વધારાનો કર લાદવાથી અને નીતિઓ કડક બનાવવાથી ભારતીય નિકાસ પ્રભાવિત થઈ રહી છે. આ સાથે જ અમેરિકા પોતાના કૃષિ અને ડેરી ઉત્પાદનો માટે ભારતીય બજારમાં વધુ પહોંચની માંગ કરી રહ્યું છે. અમેરિકાની વિઝા નીતિઓમાં કડકાઈ અને ફી વધારાથી ભારતીય માહિતી-ટેકનોલોજી કંપનીઓ અને વ્યાવસાયિકો સામે વ્યાપક અનિશ્ચિતતા ઊભી થઈ રહી છે.




તાજેતરમાં જ અમેરિકી સંસદના સેનેટે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ અને કુદરતી ગેસ ખરીદનારા દેશો સામે પગલા લેવા એક આકરું બિલ રજૂ કર્યું છે. જો આ બિલ નીચલા ગૃહ (હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ) માંથી મંજૂર થઈ જાય છે, તો અમેરિકી રાષ્ટ્રપતિને ભારત અને ચીન જેવા મુખ્ય તેલ ખરીદનાર દેશો પર સો ટકા સુધીનો ટેરિફ લાદવાનો અધિકાર મળી જશે. આ પગલાનો મુખ્ય ઉદ્દેશ્ય રશિયા અને ઈરાનની અર્થવ્યવસ્થા પર દબાણ બનાવવાનો અને તેમના યુદ્ધ પ્રયાસોના નાણાકીય સ્ત્રોતોને સીમિત કરવાનો છે.

તેમાં જરાય બેમત નથી કે અમેરિકા તરફથી રશિયા પર સંભવિત નવા અને કડક પ્રતિબંધો ભારતીય બજાર માટે એક મોટું વૈશ્વિક જોખમ બની શકે છે. ભારત માટે સૌથી મોટો પડકાર ઊર્જા ક્ષેત્ર સાથે જોડાયેલો છે, કારણ કે રશિયા સસ્તા ક્રૂડ ઓઈલનો મુખ્ય સ્ત્રોત છે. પશ્ચિમી દેશોના વધતા પ્રતિબંધો છતાં ભારતે આ વર્ષે જુલાઈમાં સતત બીજા મહિને રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની રેકોર્ડ આયાત કરી છે. ઉલ્લેખનીય છે કે, 'સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લીન એર' અનુસાર, ભારતીય કંપનીઓએ જુલાઈમાં ૫.૫ અબજ યુરોનું રશિયન ક્રૂડ ઓઈલ ખરીદ્યું હતું. આ ભારતની કુલ પચાસ લાખ બેરલ પ્રતિદિનની આયાતના પંચાવન ટકાથી વધુ છે. આવી સ્થિતિમાં જો નવા પ્રતિબંધોને કારણે રશિયાથી તેલ આયાતમાં અડચણ આવે છે, તો તેનાથી સ્થાનિક કંપનીઓની પડતર કિંમત અને દેશનો કુલ આયાત ખર્ચ વધી શકે છે.

તાજેતરમાં યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટીએ H-1B અને L-1 વિઝાના એક્સ્ટેન્શન (વિસ્તરણ) અરજીઓ પર વધારાનું શુલ્ક લાદવાની જાહેરાત કરી છે. આ વર્ષે ૯ સપ્ટેમ્બરથી લાગુ થનારા આ નિયમ હેઠળ H-1B વિઝા એક્સ્ટેન્શન માટે ૪,૦૦૦ ડોલર (લગભગ રૂા. ૩.૬૮ લાખ) અને L-1 એક્સ્ટેન્શન માટે ૪,૫૦૦ ડોલર (લગભગ રૂા. ૪.૨ લાખ) ફી ચૂકવવી પડશે. આ નિયમ પચાસ કે તેથી વધુ કર્મચારીઓ ધરાવતી એ મોટી કંપનીઓ પર લાગુ થશે જેના ૫૦ ટકાથી વધુ કર્મચારીઓ આ જ વિઝાના આધારે કાર્યરત છે. આ જ સંદર્ભમાં ગયા મહિને અમેરિકી સંસદમાં વર્ક વિઝા પર ત્રણ વર્ષ સુધી રોક લગાવવા અંગેનું એક નવું અને કડક બિલ રજૂ કરવામાં આવ્યું છે. આ બિલ લાગુ થવાથી ટેકનિકલ ક્ષેત્રના ભારતીય વ્યાવસાયિકો પર સીધી અસર પડી શકે છે. નવા પ્રસ્તાવિત નિયમોમાં ૧ લાખ ડોલર (લગભગ રૂા. ૮૫ થી રૂા. ૯૫ લાખ) સુધીનું ભારે શુલ્ક અને કડક લઘુત્તમ વેતન માપદંડો શામેલ છે. આ સિવાય વિઝા ધારકોના આશ્રિતો અને પરિવારજનો પર પણ અસંખ્ય નિયંત્રણો લાદવાનો પ્રસ્તાવ છે.

આ આર્થિક અને વ્યાપારી પડકારો વચ્ચે એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB) તરફથી તાજેતરમાં બહાર પાડવામાં આવેલા અહેવાલમાં જણાવાયું છે કે પશ્ચિમ એશિયા સંકટ અને લોજિસ્ટિક્સ ખર્ચમાં વધારાની ભારતના ગ્રોથ રેટ પર પ્રતિકૂળ અસર પડશે. અહેવાલમાં ભારત માટે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે અગાઉ નિર્ધારિત ૬.૯ ટકાના વિકાસ દરને ઘટાડીને ૬.૬ ટકા કરી દેવામાં આવ્યો છે. તેવી જ રીતે આંતરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF) એ પણ વર્ષે ૨૦૨૬-૨૭ માટે ભારતનો વિકાસ દરનો અંદાજ ઘટાડીને ૬.૪ ટકા કરી દીધો છે. જ્યારે છેલ્લા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં ભારતે ૭.૭ ટકાના શાનદાર દરે વૃદ્ધિ નોંધાવી હતી. જોકે, આ સમયે ભારત સપ્લાય ક્ષેત્રના પડકારો સામે લડવા માટે અગાઉ કરતા વધુ સારી સ્થિતિમાં છે, છતાં પણ ચાલુ નાણાકીય વર્ષમાં દેશના આર્થિક વિકાસ દરને સાત ટકા સુધી લઈ જવા માટે વ્યૂહાત્મક રીતે નવા આર્થિક ઉપાયો સાથે આગળ વધવું પડશે. સરકારે રીફોર્મ, પર્ફોર્મ અને ટ્રાન્સફોર્મના ફોર્મ્યુલાનો વધુ સારી રીતે ઉપયોગ કરવો પડશે. સેન્ટ્રલ બેંકે હવે મોંઘવારી પર નિયંત્રણ રાખવાની સાથે-સાથે વિકાસની ગતિને થંભી જતી અટકાવવી પડશે. આર્થિક પ્રવૃત્તિઓને ટેકો આપવા માટે સરકારે પોતાના મૂડી ખર્ચને લક્ષ્યાંક મુજબ ઝડપથી અસરકારક બનાવવો પડશે. જાણકારોના મતે વધતી મોંઘવારી અને ધીમા પડી રહેલા જીડીપી ગ્રોથ વચ્ચે રાજકીય સ્તરે પણ અનેક પડકારો જોવા મળી રહ્યા છે. સરકાર માટે એક તરફ રાજકોષીય ખાધ ઓછી રાખવાનું લક્ષ્ય છે, તો બીજી તરફ મૂડીગત ખર્ચ ચાલુ રાખીને અર્થતંત્રને ગતિ આપવાની જરૂરિયાત છે. આ ઉપરાંત અમેરિકામાં વર્ક વિઝા નીતિઓ કડક બનવાથી ભારતીય આઈટી કંપનીઓના માર્જિન પર અસર પડી રહી છે, જેના કારણે નવા રોજગાર સર્જનમાં વિલંબ થઈ રહ્યો છે. સરકારે તેમાં પણ ધ્યાન આપીને સ્થાનિક સ્તરે વધારે રોજગાર આપવાની જરૂર છે.

ઉલ્લેખનીય છે કે, આ આર્થિક મુશ્કેલીઓમાંથી બહાર નીકળવા માટે ભારતે ટૂંકા અને લાંબા ગાળાની વ્યૂહરચનાઓ અમલમાં મૂકવી પડશે. સૌથી પહેલાં તો સ્થાનિક માંગ અને ઉત્પાદન વધારવા માટે પીએલઆઈ (PLI) યોજનાઓ દ્વારા ઉત્પાદન ક્ષેત્રને મજબૂત બનાવવું પડશે જેથી આયાત પર નિર્ભરતા ઘટે. તે ઉપરાંત પુન:પ્રાપ્ય ઊર્જા અને ઈલેક્ટ્રિક વ્હીકલ્સના વપરાશને પ્રોત્સાહન આપવું જેથી ક્રૂડ ઓઈલના વૈશ્વિક આંચકા સામે રક્ષણ મળે. આ સિવાય યુરોપિયન યુનિયન, બ્રિટન અને અન્ય દેશો સાથે મુક્ત વેપાર કરારો ઝડપથી પૂર્ણ કરીને ટેરિફ જોખમોને ઓછા કરવા. સૌથી મહત્ત્વનું તો કૃષિ ક્ષેત્રમાં ટેકનોલોજીનો ઉપયોગ વધારવાનું છે. જળ સંચય, પાક વૈવિધ્યીકરણ અને પ્રાઈસ સ્ટેબિલાઈઝેશન ફંડ દ્વારા કૃષિ ક્ષેત્રને નબળા ચોમાસાના જોખમોથી બચાવવું પડશે અને નવી ટેક્નોલોજી તથા નવી રોજગારી દ્વારા યુવાવર્ગને આ ક્ષેત્રમાં આકર્ષીને ભારતમાં ટેક્નોલોજી આધારિત હરિત ક્રાંતિ કરવાની તાતી જરૂરિયાત છે.

દેશ માટે ચિંતાજનક બાબત એ છે કે, મોંઘવારી સતત વધી રહી છે. મોંઘવારી માત્ર એક આર્થિક આંકડો નથી પરંતુ તેની સીધી અસર સામાન્ય પરિવારના માસિક બજેટ અને રોજિંદા જીવન પર પડે છે. અલ નીનોની અસર અને નબળા ચોમાસાને કારણે શાકભાજી, કઠોળ અને અનાજના ઉત્પાદનમાં ઘટાડો થવાની આશંકા છે. તે ઉપરાંત પશ્ચિમ એશિયામાં સર્જાયેલી યુદ્ધ અને અસ્થિરતાની સ્થિતિને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ અને એલપીજીના ભાવમાં વધારો થયો છે, જે ટ્રાન્સપોર્ટેશન કોસ્ટ વધારીને તમામ ચીજવસ્તુઓને મોંઘી બનાવે છે. ગ્રામીણ વિસ્તારોમાં વાસ્તવિક વેતન વૃદ્ધિ મર્યાદિત રહેતા ખરીદશક્તિ ઘટવા લાગી છે. મધ્યમ વર્ગ માટે શિક્ષણ, આરોગ્ય અને રહેઠાણ જેવા પ્રાથમિક ક્ષેત્રો પાછળનો ખર્ચ વધ્યો છે, જેના કારણે બચત દરમાં ઘટાડો નોંધાયો છે. આ ઉપરાંત ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીનો વ્યાપક અભાવ અને ખેતીમાં મર્યાદિત સરકારી સહાયને પગલે સમગ્ર કૃષિ સેક્ટર પડી ભાંગવાના આરે પહોંચી ગયું છે.

# શ્રાવણ માસમાં શિવ મહિમા : ૮૦મા સ્વાતંત્ર્યદિને શ્રાવણની ભક્તિ અને સ્વાતંત્ર્યની શક્તિ



**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા

આજે ૮૦મા સ્વાતંત્ર્યદિનની સાથે શ્રાવણ માસનો ત્રીજો દિવસ છે. બહાર શ્રાવણી ઝાપટા પડી રહ્યા છે,મંદિરોની ઘંટીનો નાદ ગુંજે છે અને ગલી-ગલીમાં 'હર હર મહાદેવ' વંદે માતરમના જયઘોષ સંભળાય છે. શ્રાવણ એટલે ફક્ત વરસાદનો મહિનો નહીં, એ શિવનો મહિનો છે. જ્યારે આખો દેશ ૮૦મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરી રહયો છે, ત્યારે પ્રકૃતિ અને રાષ્ટ્ર બંને એક જ પાઠ ભણાવે છે: ત્યાગ તપ અને સંયમ વગર સ્વતંત્રતા ટકતી નથી.

શિવએ ભોળા ભંડારી છે જે સહેજ માં પ્રસન્ન થાય છે.પણ એ જ શિવ મહાકાલ પણ છે જે અધર્મ સામે ત્રિશૂળ ઉઠાવે છે.શ્રાવણ આપણને આ બંને રૂપનો મેળ શીખવે છે. બહાર વરસતું જળ અને અંદરની ભક્તિ,બહારનો સંસાર અનેઅંદરનું તપ. આ લેખમાં આપણે શ્રાવણના મહત્વને સમજીશું અને ભસ્માસુર ની કથા દ્વારા એ જાણીશું કે શક્તિ સાથે વિવેક કેમ જરૂરી છે. કારણ કે આજે દેશને જેટલી શક્તિ ની જરૂર છે,એટલી જ જરૂર સમજદારીની પણ છે. *શ્રાવણ:પ્રકૃતિ અને ભક્તિનો સંગમ શ્રાવણમાં આખું વાતાવરણ શિવમય બની જાય છે. ઉપરથી વરસતું જળ, નીચે હરિયાળી અને વચ્ચે તપ કરતા યોગી જેવું મન. પૌરાણિક માન્યતા મુજબ સમુદ્ર મંથન સમયે નીકળેલું હળાહળ વિષ ભગવાન શિવે પોતાના કંઠમાં ધારણ કર્યું હતું. દેવતાઓએ તેમના પર ઠંડુ જળ રેડ્યું જેથી વિષની જ્વાલા શાંત થાય. ત્યારથી શ્રાવણ માં જળાભિષેકનું મહત્વ વધ્યું.

આજે પણ ભક્તો સોમવારનું વ્રત રાખે છે. શિવલિંગ પર દૂધ, દહીં, ઘી, મધ અને ગંગાજળ ચઢાવે છે. બિલ્વપત્ર અર્પણ કરે છે. બિલ્વપત્રના ત્રણ પાન ત્રિગુણ એટલે રજ, તમ અને સત્વનું પ્રતીક છે. તે અર્પણ કરવાનો અર્થ એ કે આપણે આપણી ત્રણેય વૃત્તિઓ શિવને સોંપી દઈએ છીએ.

'ૐ નમઃ શિવાય' ના પાંચ અક્ષર શરીરના પાંચ તત્વનું પ્રતિનિધિત્વ કરે છે. જપ કરતી વખતે યાદ આવે છે કે શિવ કોઈ દૂરના કૈલાસમાં જ નથી, તે આપણી અંદર પણ બિરાજમાન છે. ગામડાના મંદિરોમાં ભજન, કથા અને અન્નદાન થાય છે. સ્ત્રીઓ ઝૂલા ઝૂલે છે,ગીતો ગાય છે આ ઉજવણી નથી,આ સામૂહિક ભક્તિ દ્વારા સમાજમાં સકારાત્મ કતા ફેલાવવાનું માધ્યમ છે.

*શિવ: વિરોધાભાસમાં રહેલો સંપૂર્ણ શિવનો સ્વભાવ જ અનોખો છે. તેઓ કૈલાસના વૈરાગી છે, છતાં ગૃહસ્થના રક્ષક છે. તેઓ વિનાશક છે,છતાં કલ્યાણકારી છે.તેઓભસ્મ ધારી છે, છતાં સૌંદર્યના પ્રતિક છે.

આ જ વિરોધાભાસ આપણને શીખવે છે. સ્વતંત્રતા મળ્યા પછી ૮૦ વર્ષમાં આપણે પણ બે ભૂમિકા નિભાવી છે.એક તરફ આપણે વિકાસના પથ પર દોડ્યા છીએ, બીજી તરફ આપણે આપણી સંસ્કૃતિ અને મૂલ્યોને જાળવ્યા છે. શિવની જેમ આપણે પણ શક્તિશાળી બનવાનું છે, પણ અહંકાર વગર. સંપન્ન બનવાનું છે, પણ સંયમ સાથે. *ભસ્માસુર કથા:શક્તિ અને વિવેક ની કસોટી શિવ મહિમાને સમજવા માટે ભસ્માસુરની કથા સૌથી મોટો અરીસો છે.

એક સમયે ભસ્માસુર નામનો અસુર શિવની કઠોર તપસ્યા કરવા લાગ્યો. એક પગે ઊભો રહીને તેણે લાંબા સમય સુધી ધ્યાન કર્યું.તેની તપસ્યાનો પ્રભાવ ત્રણેય લોકમાં અનુભવાયો. દેવતાઓ ચિંતિત થયા. ભક્તવત્સલ શિવ પ્રગટ થયા અને કહ્યું: 'પુત્ર, માંગ જે માંગવું હોય.' ભસ્માસુરે પહેલા અમરત્વ માંગવાનું વિચાર્યું, પણ શિવે સમજાવ્યું કે મૃત્યુ એ સૃષ્ટિનો નિયમ છે. ત્યારે તેણે વરદાન માંગ્યું: 'હું જેના માથા પર હાથ મૂકું તે ભસ્મ થઈ જાય.'

વરદાન મળતાં જ અહંકાર જાગ્યો. તેણે વિચાર્યું કે આ શક્તિથી તે ત્રણેય લોકનો સ્વામી બની જશે. ઘમંડમાં તેણે મહાદેવ તરફ જ હાથ ઉંચો કર્યો.

મહાદેવે તેને સમજાવવાનો પ્રયાસ કર્યો, પણ ભસ્માસુર ન માન્યો. અંતે મહાદેવને ભાગવું પડ્યું. દેવતાઓની વિનંતી પર ભગવાન વિષ્ણુએ મોહિનીનું રૂપ ધારણ કર્યું. મોહિનીએ એવું મનમોહક નૃત્ય કર્યું કે ભસ્માસુર બધું ભૂલી ગયો. મોહિનીએ કહ્યું: 'જો મને જીતવી હોય તો મારી દરેક મુદ્રાનું અનુકરણ કર.'

ભસ્માસુર હા પાડીને નૃત્ય કરવા લાગ્યો. અંતે મોહિનીએ પોતાનો હાથ માથા પર મૂક્યો. ભસ્માસુરે પણ એમ જ કર્યું. અને ક્ષણમાં તે પોતાની જ શક્તિથી ભસ્મ થઈ ગયો. આ કથા માત્ર અસુરના વધની નથી.તે આપણા જીવનની ત્રણ મોટી શીખ આપે છે.

*૮૦મા સ્વાતંત્ર્યદિને દેશને જોઈએ ભક્તિ સાથે જવાબદારીભસ્માસુરે તપ કર્યું એટલે વરદાન મળ્યું. પણ વરદાન મળ્યા પછી તેણે વિવેક ગુમાવ્યો. આજે આપણને સ્વતંત્રતા રૂપી સૌથી મોટું વરદાન મળ્યું છે. ૮૦ વર્ષથી આપણે તેનો ઉપભોગ કરી રહ્યા છીએ. પણ શ્રાવણ યાદ અપાવે છે કે અધિકાર સાથે કર્તવ્ય પણ આવે છે. ઉપવાસ અને પૂજા સાથે મનની શુદ્ધિ જરૂરી છે. જેમ જળાભિષેકથી શિવનું મસ્તક શાંત થાય છે, તેમ આપણા મન પર પણ ઠંડા પાણીની જરૂર છે જેથી નફરત અને અહંકારની ગરમી શાંત થાય.

*શક્તિ વિના વિવેક ખતરનાક આજે આપણી પાસે જ્ઞાનની શક્તિ છે, ટેકનોલોજીની શક્તિ છે, અર્થતંત્રની શક્તિ છે. પણ જો તેનો ઉપયોગ અહંકાર માટે થાય તો તે જ આપણા પતનનું કારણ બને છે. શિવ ભસ્મ ધારણ કરે છે કારણ કે તેઓ અહંકારથી મુક્ત છે. ૮૦મા સ્વાતંત્ર્યદિને આપણે સંકલ્પ લઈએ કે આપણી શક્તિનો ઉપયોગ દેશ નિર્માણ માટે થાય, વિનાશ માટે નહીં. *સમસ્યાનો ઉકેલ બળમાં જ નથીજ્યારે ભસ્માસુરને બળથી રોકી શકાયો નહીં, ત્યારે વિષ્ણુએ યુક્તિ અને કરુણાનો માર્ગ અપનાવ્યો. મોહિની લીલા એ સંદેશ આપે છે કે ધૈર્ય અને શાણપણથી મોટી જીત કોઈ નથી. આજે દેશની સામે પણ અનેક પડકારો છે. તેને હરાવવા માટે માત્ર કઠોરતા નહીં, પણ સમજદારી અને એકતાની જરૂર છે.

*સ્વાતંત્ર્યદિન અને શ્રાવણનો સેતુ ૧૫ ઓગસ્ટ ૨૦૨૬.દેશ ૮૦મો સ્વાતંત્ર્યદિન ઉજવી રહ્યો છે. આ ૮૦ વર્ષનો પ્રવાસ કોઈ સરળ ન હોતો.અસંખ્ય શહીદોના ત્યાગથી આ આઝાદી મળી છે. શિવે જેમ હળાહળ પીને સૃષ્ટિ બચાવી, તેમ આપણા ક્રાંતિકારીઓએ પોતાનું સર્વસ્વ આપીને દેશ બચાવ્યો.

શ્રાવણમાં આપણે શિવલિંગ પર જળ નથી ચઢાવતા, આપણે આપણો અહંકાર ચઢાવીએ છીએ. દરેક સોમવારનો અભિષેક એ આપણા મનને ઠંડુ કરવાની પ્રક્રિયા છે. એ જ રીતે સ્વાતંત્ર્યદિન એ આપણને યાદ અપાવવાનો દિવસ છે કે આપણે કોણ છીએ અને આપણે ક્યાં જવું છે.

આજના સમયમાં પણ આપણી આસપાસ ઘણા 'ભસ્માસુર' છે. શક્તિ મળ્યા પછી દિશા ભૂલી જનારા લોકો. ભ્રષ્ટાચાર, સ્વાર્થ અને વિભાજનની માનસિકતા. શ્રાવણ આપણને કહે છે: શક્તિ માંગો, પણ સાથે સંયમ પણ માંગો. વરદાન માંગો, પણ તેનો ઉપયોગ લોક કલ્યાણ માટે થાય તેની પ્રાર્થના કરો. શ્રાવણ માસ આપણને શિવની બે બાજુ બતાવે છે. એક બાજુ ભોળા ભંડારી જે નાની ભક્તિથી પ્રસન્ન થાય છે. બીજી બાજુ મહાકાલ જે અધર્મ સહન કરતા નથી.

# મૃત્યુંજય મંત્રનો જાપ ભોગ અને દેહ આસક્તિ છોડાવી મૃત્યુ તરફ સહજ સન્મુખ કરે છે



**સદગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હે દેવાધિદેવ મહાદેવ.

સૌનાં હ્રદયમાં કરુણા રુપે રહેલાં આપનાં સૌમિત્રી સ્વરૂપને સાષ્ટાંગ પ્રેમ. ભક્તિનાં નામે વૈરાગ્ય ના નામે સજ્જન હોવાનો જીવ લાખ દાવો કરે તો પણ એમાં દંભની અમુક માત્રા રહી જ જાય છે અને એ જ કળિયુગની પ્રભાવક્તા! અને એટલે જ શિવપુરાણમાં કળિયુગની વ્યાપકતાની વાત કરવામાં આવી છે! પરંતુ કેટલુંય વિશ્લેષણ કરીને જાગૃત રહેવા કોશિષ કરીએ,પણ ક્યાંક ચૂક તો થઈ જ જાય ! અને એટલે જીવને છેવટની ઘડીએ બે દ્વિધા સતાવે! અરરરર ભગવત્ ભજન તો કર્યું નહીં! અને બીજું કમાયેલ ધન સંપત્તિ, પદ પ્રતિષ્ઠા, અને સંબધો આ બધું જ છોડવું પડશે, અને એ કેમે છૂટતું નથી! ત્યારે આપણને મૃત્યુંજયનો મંત્ર મદદ કરી શકે. ૐ ત્ર્યમ્બકં યજામહે સુગન્ધિં પુષ્ટિવર્ધનમ્ ઉર્વારુકમિવ બંધનાન્ મૃત્યોર્મુક્ષીય મામૃતાત્ ॥ ઋગ્વેદમાં આવેલા આ મંત્રનો અર્થ શિવપુરાણમાં શુક્રાચાર્ય એ બતાવ્યો છે, અને જે આપણાં જેવાં કળિયુગનાં સંસારી કે જેને છેક સુધી નથી ભોગ લાલસા છૂટતી કે નથી દેહ લાલસા છૂટતી એની માટે બહુ જ ઉપયોગી છે.

ત્રણ નેત્રવાળા શિવ કે જે જ્ઞાન, અંતર્દ્રષ્ટિ અને ચેતનાના પ્રતીક છે! જેમ સુગંધ દેખાતી નથી, છતાં સર્વત્ર અનુભવાય છે, તેમ ઈશ્વરીય ચેતના સર્વત્ર વ્યાપ્ત છે. જે શરીર, મન અને આત્માની શક્તિને વધારે છે, અને એટલે પાકેલું ફળ જેમ વેલથી સ્વાભાવિક રીતે છૂટે, તેમ સાધક અજ્ઞાન, અહંકાર અને આસક્તિનાં બંધનોથી મુક્ત થાય. તથા મૃત્યુનાં ભય અને જન્મમરણના બંધનથી મુક્તિ આપી, અમૃત એટલે શાશ્વત પરમ સત્ય સન્મુખ કરો. આ મંત્રનો મૂળ આધ્યાત્મિક ભાવ છે, "હે શિવ, મને મૃત્યુના ભયથી નહીં, પરંતુ મૃત્યુના મૂળ એવા અજ્ઞાન અને આસક્તિથી મુક્ત કરો અને મારા શાશ્વત આત્મસ્વરૂપનો અનુભવ કરાવો."

શિવ પુરાણનાં મહાત્મ્યમાં આપણે ભગવાન ભોળાનાથની કૃપાનું સુખદ્ પરિણામ જોયું, આપણી એક બહુ મોટી ભૂલ એ થઈ કે આપણે ધર્મની બાબતમાં આગ્રહમાં અટવાઈ ગયાં, એટલે કે આમ તો થવું જ જોઈએ! અથવા એવું બિલકુલ નહીં ચાલે! અને એને કારણે નવી પેઢી ધર્મને પ્રંપચનો અડ્ડો સમજવા લાગી, અને ધર્મને નામે કોઈ ઠોસ આધાર ન મળતાં ભટકી ગઈ, એટલે બાપુ કહે છે, એમ શ્રોતા વક્તા બંને વચ્ચે ચૈતસિક સેતુ બની શકે એમ કથાનું આયોજન કરવું! અને એમાં પરમ તત્વની જ પ્રધાનતા રહેવી જોઈએ.

કે જ્યાં ગંગા યમુનાનો સંગમ થયો છે એવાં તપસ્વીઓનાં પુણ્યથી પ્રકાશતાં પ્રયાગમાં જ્યારે સૂતજીને આવતા જોયા ત્યારે મુનિઓ અત્યંત હર્ષિત થઈ ગયાં, અને એમને પુછવા લાગ્યાં, કે આ પહેલાં પણ અમે આપના શ્રી મુખેથી કથા સાંભળી છે, પણ અમને હજી તૃપ્તિ થઈ નથી. કળિયુગની વ્યાપકતાની વ્યાધિ અમને પીડા આપે છે! તો આ કાળમાં પણ સર્વનું હિત જેમાં સમાયેલું છે, એવો કોઈ ઉપાય બતાવો!

મુનિઓ કહે છે કે ઘોર કળિયુગમાં મનુષ્ય પુણ્ય કર્મ કરતાં બંધ થઈ જશે, અને સતત કોઈને કોઈ દુરાચારમાં પ્રવૃત્ત રહેશે. સત્યને નીતિથી વિમુખ થતાં જશે, અન્યોની નિંદામાં એમને રસ પડશે. પારકું ધન હડપ કરી લેવાની ઈચ્છા દિન પ્રતિદિન વધતી રહેશે, પર સ્ત્રીમાં આસક્તિ વધતી જશે, પ્રાણીઓની હિંસા કરતાં પણ અચકાશે નહીં. પોતાનાં દેહને જ આત્મા સમજવાની ભૂલ કરી દિવસે ને દિવસે દેહ કેન્દ્રી અથવા નાસ્તિક થતાં જશે. બુદ્ધિમાં પશુતા પ્રવેશી જતાં માતાપિતા સાથે પણ દ્વેષ કરશે,બ્રાહ્મણો લોભી બનતા જશે, વેદ વેચીને પણ આજીવિકા ચલાવશે, વિદ્યા પણ માત્ર આર્થિક ઉપાર્જન માટે જ છે, એવો અર્થ કરી વિદ્યાને પણ વેચશે, બ્રાહ્મણ ત્રણે કાળની સંધ્યા ઉપાસના છોડી બ્રહ્મજ્ઞાન અને વેદ વેદાંતથી પરેનું જીવન જીવશે. આમ કુસંગી પાપી અને વ્યભિચારિ થઈ જશે, એમનામાં સાહસ અને શૌર્યનો અભાવ હશે, તેવો કપટ અને ચોરી જેવા દુર્ગુણને હથિયાર બનાવી જીવિકા ચલાવશે. દૂરબુદ્ધિથી પ્રેરાઈને પોતાની ચિત્તવૃત્તિને મલિન કરશે, ધર્મને માત્ર બાહ્ય દેખાવનું માધ્યમ બનાવી બધાં ધર્મના કર્મ છોડીને, માત્ર દેખાવે ટીલાં ટપકાં કરીને ફરશે, પણ એમનાં વિચાર ધર્મ વિરુદ્ધ હશે, તે દ્વિજ નિંદક કહેવાશે. જો ધન મળી જશે તો એ કુકર્મમાં જોતરાઈ જશે, વિદ્વાન હશે તો વાદવિવાદમાં જ સત્યની ઉર્જા ખર્ચાઈ જશે. પોતાની જાતને અતિશય કુલીન સમજી અથવા બુદ્ધિશાળી સમજીને ચારે વર્ણ સાથે રોટી બેટી વ્યવહાર કરશે. સ્ત્રીઓ પણ સદાચારથી વિમુખ થશે, એમનાં શીલ સંસ્કારના પ્રમાણ બદલાઈ જશે, એમને મન પતિ પરિવારની સેવાનું મહત્વ નહીં રહે. માટે હે સૂતજી આવાં મનુષ્યની દુરાચારથી બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ હશે! અને જેમણે પોતાનાં સ્વધર્મનો ત્યાગ કર્યો હશે. પરોપકાર જેવો ઉત્તમ કોઈ ધર્મ નથી, માટે આપ કોઈ નાનાં એવા ઉપાયથી આ કળિયુગી મનુષ્યનાં સર્વ પાપનો નાશ થાય એવો ઉપાય કહો, કારણકે આપ સર્વ સિદ્ધાંતોનાં જ્ઞાત છો.

આદ્યન્તમંગલમજાત સમાનભાવ
માર્ય તમીશમજરામરમાત્મદેવમ્
પંચાનન પ્રબલપંચવિનોદશીલં,
સમ્ભાવયે મનસિ શંકરમમ્બિકેષમ્.

સૂતજી, જેનો આદિ મધ્ય અને અંત મંગલ છે, અને જે સર્વમાં સમ ભાવ ધરાવે છે, પાંચ મુખ વાળા છે, પ્રબળ છે, અને સ્વભાવે વિનોદ શીલ છે, એવાં અંબિકા પતિ શિવનું સ્મરણ કરે છે. સૂતજી આગળ શિવ પુરાણના શ્લોક અને સંહિતાનું વિવરણ કરે છે. અત્યાર સુધીમાં શૌનક મુનિ તેમજ અન્ય મુનિઓને કળિયુગમાં દ્વિજ એટલે બ્રાહ્મણ ભ્રષ્ટ બુદ્ધિ થતો જશે, એની ચિંતા સતાવે છે! અને આપણે સૌ જોઈ રહ્યાં છે કે આ મુનિઓની ચિંતા વ્યાજબી હતી, કારણકે બ્રાહ્મણ એટલે કે વર્ણની રીતે નહીં, પણ એક સજ્જન અથવા મહેતાજી જેને વૈશ્નવ કહે છે, એવાં માનવી સમાજમાંથી ઘટતાં જાય છે. સમય ઘણો બદલાઈ ગયો છે, અને આપણે એકવીસમી સદીમાં જીવીએ છીએ, ત્યારે માત્ર ખોખલી વાતો વિકાસને અટકાવે , અને અસ્પૃશ્યતા આપણાં સમાજનું દૂષણ હતું, એ નીકળવું જ જોઈએ! પરંતુ સૌ સમાનની એક બહુ મોટી સમસ્યા એ છે કે, હવે ગુમરાહ થતાં સમાજને દોરશે કોણ ? વેદોમાં અને અન્ય પૌરાણિક શાસ્ત્રોમાં સામાન્ય માનવીને કંઈ રીતે જીવન જીવવું એની વાત વણી લેવામાં આવી હતી! અને આ ઉપદેશ બ્રાહ્મણ દ્વારા સમાજને આપવામાં આવતો! હવે પોતે જ દિશા હીન જીવન જીવનારા, બીજાને કંઈ રીતે રાહ ચીંધી શકે!

# DCP નકુમની તાત્કાલિક બદલી થવી જોઈએ: હાઈકોર્ટ

## સરકારી વકીલે કહ્યું-કોર્ટ હુકમમાં કોઈ નોંધ ન લે, સરકાર ગંભીરતા સમજી પગલાં લેશે, આરોપીઓને માર મારવા મુદ્દે સુનાવણી



અમદાવાદ, તા.14

સુરત શહેરમાં ગત ૧૩ જુલાઈના રોજ ડીસીપી રાજદીપસિંહ નકુમ દ્વારા આરોપીઓને જાહેરમાં માર મારવા તેમજ શહેરના રસ્તાઓ પર તેમનું જાહેર સરઘસ કાઢવાના ચર્ચાસ્પદ બનાવ અંગે ગુજરાત હાઈકોર્ટ દ્વારા લેવામાં આવેલા સુઓમોટો મામલે આજે વિસ્તૃત સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ સુનાવણી દરમિયાન હાઈકોર્ટે અત્યંત આકરું અને કડક વલણ અપનાવતા સ્પષ્ટ શબ્દોમાં ટકોર કરી હતી કે, આ સમગ્ર ઘટનામાં સામેલ ડીસીપી પોતે એક ઉચ્ચ વહીવટી અધિકારી હોવાના નાતે, જો તેઓ તે જ જગ્યા અને હોદ્દા પર રહેશે તો આ મામલે ક્યારેય નિષ્પક્ષ અને ન્યાયી તપાસ થઈ શકશે નહીં. હાઈકોર્ટે એ બાબત પર ભાર મૂક્યો હતો કે જો ઉચ્ચ અધિકારી તે જ સ્થાને રહેશે તો તેમની નીચે કામ કરતા નાના કર્મચારીઓ કે પ્રત્યક્ષદર્શીઓ તેમની વિરુદ્ધ સાચું નિવેદન આપવાની હિંમત કરી શકશે નહીં. આથી આ બાબતને ગંભીરતાથી લઈને તુરંત જ તેમની અન્યત્ર બદલી કરવી જરૂરી છે.

સુનાવણી દરમિયાન સરકારી વકીલે હાઈકોર્ટ સમક્ષ નમ્ર વિનંતી કરી હતી કે કોર્ટ પોતાના અધિકૃત હુકમમાં બદલી અંગેની કોઈ સીધી નોંધ ન લે, પરંતુ રાજ્ય સરકાર પોતે જ આ મામલાની ગંભીરતાને ખૂબ જ સારી રીતે સમજે છે અને ટૂંક સમયમાં યોગ્ય કાનૂની તથા વહીવટી પગલાં લેશે. સરકારી પક્ષે કોર્ટને ખાતરી આપી હતી કે સરકાર દ્વારા લેવામાં આવેલા વિવિધ પગલાં અંગેનો વિગતવાર રિપોર્ટ આગામી શુક્રવારે કોર્ટ સમક્ષ વિધિવત રીતે રજૂ કરી દેવામાં આવશે. હાઈકોર્ટે સરકારી વકીલની આ રજૂઆતને ગ્રાહ્ય રાખી હતી અને કેસની વધુ સુનાવણી આવતા શુક્રવાર સુધી મુલતવી રાખવાનો આદેશ આપ્યો હતો.

સરકારી વકીલે તપાસ અંગે વધુ માહિતી આપતાં કોર્ટને જણાવ્યું હતું કે રાજ્યના ડીજીપીના આદેશ અનુસાર સુરત પોલીસ કમિશનરે એડિશનલ સીપી (ક્રાઈમ)ને આ સમગ્ર ઘટનાની તટસ્થ તપાસ સોંપી દીધી છે અને સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં દેખાતા તમામ લોકોના નિવેદનો લેવાની પ્રક્રિયા હાલ ચાલી રહી છે. આ દલીલ સામે હાઈકોર્ટે આકરી ટકોર કરતાં કહ્યું હતું કે આ માત્ર એક પ્રાથમિક તપાસનો ભાગ છે. ડીસીપી પોતે ઘટનાસ્થળે પ્રત્યક્ષ હાજર હતા અને તેના વીડિયો પણ વાયરલ થયેલા હોવાથી આ ઘટના બની જ નથી તેમ કહીને તેનો ઈનકાર કરી શકાય તેમ નથી. અધિકારી પોતાના સ્થાને ચાલુ રહેશે તો નીચલા સ્તરના કર્મચારીઓ મુક્તપણે સત્ય રજૂ કરી શકશે નહીં.

આ સુનાવણી દરમિયાન કોર્ટ મિત્ર (એમિકસ ક્યુરી) દ્વારા હાઈકોર્ટનું ધ્યાન દોરવામાં આવ્યું હતું કે અગાઉ પણ પોલીસ તંત્ર દ્વારા કરવામાં આવતી આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સંબંધે બે મહત્વના સર્ક્યુલર બહાર પાડવામાં આવ્યા છે. જેમાં વર્ષ ૨૦૧૯ના પ્રથમ સર્ક્યુલર મુજબ આરોપીઓને દોરડાથી બાંધવા, તેમનું જાહેરમાં સરઘસ કાઢવું, હાથકડી પહેરાવવી કે જનતા સામે પ્રદર્શન કરવું જેવી બાબતો પર સખત પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૮માં હાઈકોર્ટમાં રાજ્યમાં બનેલી આવી ૧૦ જેટલી ઘટનાઓ અંગે અરજી થઈ હતી, પરંતુ આ સર્ક્યુલરના આધારે કોર્ટે સંતોષ વ્યક્ત કરીને તે અરજીનો ઉકેલ લાવ્યો હતો.

જોકે, ત્યારબાદ પણ વર્ષ ૨૦૨૨માં ખેડા જિલ્લામાં આ જ પ્રકારનો એક ગંભીર બનાવ સામે આવ્યો હતો, જેમાં અદાલતની અવમાનના (કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ)ની અરજી દાખલ થતાં જવાબદાર પોલીસ કર્મચારીઓ સામે કાનૂની કાર્યવાહી કરીને સજા પણ કરવામાં આવી હતી. એ સુનાવણી દરમિયાન એક નવો કડક સર્ક્યુલર પણ જાહેર કરવામાં આવ્યો હતો, જે મુજબ પોલીસ દ્વારા જાહેરમાં આરોપીઓને માર મારવો, ઉઠક-બેઠક કરાવવી, ઘૂંટણીએ ચલાવવા, દોરડાથી બાંધવા કે પળવારમાં માફી મંગાવવી જેવી તમામ બાબતો પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ સર્ક્યુલરમાં વધુમાં સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે જો કોઈ પણ પોલીસ કર્મચારી આવા ગેરકાયદેસર કૃત્યમાં સામેલ જણાશે તો તેની સામે અત્યંત કડક કાર્યવાહી કરવામાં આવશે અને તે માટે ડીવાયએસપી, એસીપી, ડીસીપી, જેસીપી અને પોલીસ કમિશનર જેવા ઉચ્ચ અધિકારીઓને સીધી રીતે જવાબદાર ગણવામાં આવશે.

# "હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત અમદાવાદ મંડળમાં તિરંગા રેલીનું આયોજન"




અમદાવાદ, તા.14

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા સ્વતંત્રતા દિવસ સમારોહ 2026ના ઉપક્રમે 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

14 ઓગસ્ટ 2026ના રોજ અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે તેમના સરકારી નિવાસ સ્થાને રાષ્ટ્રીય ધ્વજ તિરંગો ફરકાવીને રાષ્ટ્ર પ્રત્યે સન્માન, ગૌરવ અને દેશભક્તિની ભાવના વ્યક્ત કરી હતી. તેમણે તમામ રેલકર્મીઓને સ્વતંત્રતા દિવસની શુભેચ્છાઓ પાઠવતાં રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા પ્રત્યેની પોતાની જવાબદારીઓ નિષ્ઠાપૂર્વક નિભાવવાનો સંદેશ આપ્યો હતો.

આ પ્રસંગે કાર્મિક વિભાગ અમદાવાદ મંડળ દ્વારા નવી રેલવે કોલોની, સાબરમતી ખાતે ભવ્ય તિરંગા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં આશરે 140 અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રેલી દરમિયાન અમદાવાદ મંડળના અધિકારીઓ અને કર્મચારીઓએ હાથમાં તિરંગો લઈને સંપૂર્ણ ઉત્સાહ તથા દેશભક્તિની ભાવના સાથે સહભાગિતા નોંધાવી હતી.

ભારત સ્કાઉટ્સ અને ગાઇડ્સ અમદાવાદ જિલ્લા સંઘ દ્વારા ન્યૂ કોલોની, સાબરમતી તથા આસપાસના વિસ્તારોમાં તિરંગા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીમાં 55 સ્કાઉટ્સ, ગાઇડ્સ, રોવર્સ, રેન્જર્સ અને યુનિટ લીડર્સે ઉત્સાહપૂર્વક ભાગ લઈને રાષ્ટ્રપ્રેમ અને દેશભક્તિનો સંદેશ આપ્યો હતો.

'હર ઘર તિરંગા' અભિયાનનો ઉદ્દેશ નાગરિકોમાં રાષ્ટ્રીય ધ્વજ પ્રત્યેના સન્માન અને દેશભક્તિની ભાવનાને વધુ મજબૂત બનાવવાનો તેમજ સ્વતંત્રતા દિવસના અવસરે રાષ્ટ્રીય એકતા અને ગૌરવનો સંદેશ જન-જન સુધી પહોંચાડવાનો છે.

અમદાવાદ મંડળ દ્વારા સ્વતંત્રતા દિવસના અવસરે આયોજિત આ કાર્યક્રમોમાં રેલ પરિવારની સક્રિય સહભાગિતાએ 'રાષ્ટ્ર પ્રથમ'ની ભાવનાને વધુ મજબૂત બનાવી છે.

# સુરત પાલિકાની મુલતવી રહેલી ભરતી પરીક્ષાઓની નવી તારીખ જાહેર......

## 'લેબ ટેકનિશિયન' અને 'ત્રીજી શ્રેણી ક્લાર્ક'ની પરીક્ષા હવે 16મી ઓગસ્ટે યોજાશે



સુરત, તા.14

સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ સંવર્ગોની ભરતી પ્રક્રિયા અંતર્ગત અગાઉ ભારે વરસાદના કારણે મુલતવી રાખવામાં આવેલી લેખિત પરીક્ષાઓની નવી તારીખ જાહેર કરવામાં આવી છે. પાલિકા વહીવટી તંત્રના જણાવ્યા અનુસાર, ગત 2 ઓગસ્ટના રોજ રદ કરાયેલી 'લેબોરેટરી ટેકનિશિયન' અને 'ત્રીજી શ્રેણી ક્લાર્ક (ઓડિટ)' સંવર્ગની પરીક્ષાઓ હવે આગામી 16 ઓગસ્ટ, 2026ના રોજ રવિવારે સુરતમાં જ યોજાશે.

ગત 2 ઓગસ્ટના રોજ સુરત શહેરમાં પડેલા ભારે વરસાદ અને ખરાબ હવામાનને કારણે ઉમેદવારોને પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચવામાં કે મુસાફરી કરવામાં ભારે મુશ્કેલી પડે તેમ હોવાથી પાલિકા દ્વારા પરીક્ષા સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

હવે નવી તારીખ જાહેર થતાં પરીક્ષાર્થીઓમાં સ્પષ્ટતા આવી છે. આગામી 16 ઓગસ્ટના રોજ રવિવારે સુરત શહેરના નિર્ધારિત કેન્દ્રો પર આ બંને સંવર્ગોની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા લેવામાં આવશે, જેથી ઉમેદવારો પોતાની તૈયારીઓ આયોજનબદ્ધ રીતે આખરી ઓપ આપી શકે.

# દારૂના નશામાં બિલ્ડરનું 2 રાઉન્ડ ફાયરિંગ: લસકાણામાં ચા-પાનના ગલ્લા પર સંચાલકે મજાક કરવાની ના પાડતા રૌફ જમાવ્યો



સુરત, તા.14

સુરતના લસકાણા વિસ્તારમાં ચા-પાનના ગલ્લા પર નશાની હાલતમાં આવી પોતાની રિવોલ્વરથી હવામાં ફાયરિંગ કરી દહેશત ફેલાવનાર બિલ્ડરને પોલીસે ઝડપી પાડ્યો છે. આરોપીએ રોફ જમાવવા જાહેરમાં હવામાં બે રાઉન્ડ ફાયરિંગ કરીને ફરાર થઈ ગયો હતો. જે સમગ્ર ઘટના CCTV કેમેરામાં કેદ થઈ ગઈ છે.

મોટા વરાછામાં રહેતા અને વાલક પાટિયા આઉટર રિંગ રોડ પર 'મોગલ ટી & પાન' નામનો ગલ્લો ચલાવતા કેવલભાઈ પ્રવીણભાઈ માંગુકીયા (ઉંમર 28) વહેલી સવારે આશરે 2:30 વાગ્યાના અરસામાં પોતાના ગલ્લા પર મિત્રો સાથે બેઠા હતા. તે દરમિયાન મૂળ રાજકોટના મવડી અને હાલ સરથાણામાં રહેતા બિલ્ડર આશિષ સાકરીયા પોતાની આઈ-20 કાર (GJ-03-PR-4938) લઈને ત્યાં આવ્યો હતો. આશિષે પાણીની બોટલ લીધા બાદ કેવલભાઈ ચા બનાવતા હતા, ત્યારે તેમની સાથે બિનજરૂરી મજાક-મસ્તી કરવા લાગ્યો હતો. ત્યારે ગલ્લા સંચાલકે મજાક કરવાની ના પાડતા તે ત્યાંથી નીકળી ગયો હતો. જો કે થોડીવાર બાદ તે નશાની હાલતમાં પરત ફર્યો હતો અને હાથમાં રિવોલ્વર લઈને ગલ્લા પર બેઠેલા યુવકોને બતાવી રોફ જમાવવા લાગ્યો હતો.

આરોપીએ પાનના ગલ્લામાં જમીન તરફ રિવોલ્વરથી ફાયરિંગ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ અવાજ સાથે મિસફાયર થતાં ગોળી છૂટી નહોતી. આ જોઈને ગલ્લા પર બેઠેલા તમામ મિત્રો ગભરાઈને બહાર દોડી આવ્યા હતા. ત્યારબાદ આરોપીએ દુકાનની બહાર આવી લોકોમાં દહેશત ફેલાવવાના ઈરાદે હવામાં 2 રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું અને પોતાની કાર લઈ એકલારા સર્કલ તરફ ફરાર થઈ ગયો હતો. જાહેરમાં ફાયરિંગને લઈ લસકાણા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. ત્યારે પોલીસની સર્વેલન્સ ટીમે આરોપી અને બિલ્ડર આશિષ સાકરીયાને ઝડપી લીધો હતો. પોલીસે તેની પાસેથી ફાયરિંગમાં વપરાયેલી એક રિવોલ્વર તેમજ બે ફૂટેલા કારતૂસ કબજે કર્યાં છે.

# ઓડિશાથી ટ્રેનના AC કોચમાં ગાંજો લાવતી બે મહિલા ઝડપાઈ

## 10 હજારની લાલચે ટ્રોલી બેગ અને બેકપેકમાં હેરાફેરી કરતી, સુરત સ્ટેશન પર રેલવે પોલીસનો દરોડો, 15 લાખનો મુદ્દામાલ જપ્ત



સુરત, તા.14

ઓડિશા રાજ્યમાંથી ટ્રેન મારફતે ગુજરાતમાં ગેરકાયદેસર રીતે માદક પદાર્થો ઘુસાડવાના વધુ એક ખૂબ જ મોટા અને સક્રિય નેટવર્કનો સુરત રેલવે પોલીસે પર્દાફાશ કરીને સરાહનીય સફળતા મેળવી છે. પશ્ચિમ રેલવેની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG), લોકલ ક્રાઈમ બ્રાંચ (LCB) અને રેલવે પોલીસે સંયુક્ત રીતે એક ગુપ્ત અને સુઆયોજિત ઓપરેશન પાર પાડીને સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-૧ પરથી બે મહિલા સસ્કરોને રંગેહાથ ઝડપી પાડી છે. પોલીસ ટીમે આ મહિલાઓ પાસેથી અંદાજે રૂ.૧૫ લાખની બજાર કિંમત ધરાવતો ૨૯.૯૬૫ કિલોગ્રામ જેટલો માતબર ગાંજાનો જથ્થો જપ્ત કર્યો છે. ચોંકાવનારી બાબત એ છે કે સામાન્ય રીતે પોલીસ અને સુરક્ષા એજન્સીઓની નજરથી બચવા માટે આ બંને મહિલાઓ પુરી-અમદાવાદ સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનના એસી (AC) કોચમાં આરક્ષિત ટિકિટ મેળવીને અત્યંત આરામદાયક રીતે મુસાફરી કરી રહી હતી. પોલીસ તપાસ દરમિયાન ઓડિશાથી ચાલતા આંતરરાજ્ય માદક પદાર્થોના કારોબાર અંગેની અત્યંત ચોંકાવનારી મોડસ ઓપરેન્ડી સામે આવી છે. ઓડિશા રાજ્યના અત્યંત અંતરિયાળ ગણાતા કંધમાલ જિલ્લાના ફૂલબાની જંગલ વિસ્તારમાં સ્થાનિક સક્રિય ગેંગ દ્વારા પહાડો અને ઘનઘોર જંગલોની વચ્ચે ગેરકાયદેસર રીતે મોટો પાયે ગાંજાની ખેતી કરવામાં આવે છે અને તંત્રોની નજરથી બચવા માટે જમીનમાં ખાડા ખોદીને તેનો ગુપ્ત સંગ્રહ કરવામાં આવે છે. ત્યારબાદ ગંજમ જિલ્લાના મુખ્ય ખેપિયાઓ આ માલ સાવ સસ્તા ભાવે ખરીદી લે છે અને આર્થિક રીતે નબળા કે ગરીબ પરિવારની વ્યક્તિઓ તેમજ મહિલાઓને કિલો દીઠ આશરે ૧,૦૦૦ ની નાણાકીય લાલચ આપીને કુરિયર તરીકે ઉપયોગ કરે છે. આ ગરીબ લોકોને કમિશનની લાલચ આપીને દેશના વિવિધ રાજ્યો અને શહેરોમાં ટ્રેન કે માર્ગ રસ્તે માદક પદાર્થોની હેરાફેરી માટે મોકલવામાં આવે છે.

આ સમગ્ર કાળો કારોબાર ચાલતો હોવાની ચોક્કસ બાતમી સુરત રેલવે પોલીસ અને એસ.ઓ.જી.ની ટીમને મળી હતી, જેના આધારે પોલીસ ટીમે પ્લેટફોર્મ પર વોચ ગોઠવી હતી. પશ્ચિમ બંગાળ અને ઓડિશા તરફથી આવતી પુરી-અમદાવાદ સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેન જેવી સુરત સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-૧ પર આવીને ઊભી રહી, કે તુરંત જ એસી કોચમાંથી બે મહિલાઓ ભારે ટ્રોલી બેગ સાથે શંકાસ્પદ હાલતમાં બહાર નીકળતી દેખાઈ હતી. પોલીસ ટીમે વિલંબ કર્યા વિના આ બંને મહિલાઓને ઘેરી લીધી હતી અને પ્રાથમિક પૂછપરછ હાથ ધરી હતી. ત્યારબાદ મહિલા પોલીસની હાજરીમાં તેમના સામાનની ઝીણવટભરી તલાશી લેવામાં આવતાં, તેમની પાસે રહેલી બે મોટી ટ્રોલી બેગ અને બે બેકપેક (પિઠ્ઠુ બેગ) ની અંદરથી નાર્કોટિક્સ પદાર્થ ગાંજાના પેકેટો મળી આવ્યા હતા. જેનું વજન કરાવતાં આશરે ૩૦ કિલો જેટલો ગાંજો હોવાનું સ્પષ્ટ થયું હતું. પોલીસ કસ્ટડીમાં કડક પૂછપરછ દરમિયાન ઝડપાયેલી બંને મહિલાઓની ઓળખ વંદના ઉર્ફે સ્નેહલતા (ઉંમર વર્ષ ૩૩, રહે. ગંજમ, ઓડિશા) અને આરતી પાણીગ્રાહી (ઉંમર વર્ષ ૩૦, રહે. ગંજમ, ઓડિશા) તરીકે થઈ છે. બંને આરોપી મહિલાઓએ પોતાની કબૂલાતમાં જણાવ્યું હતું કે માત્ર ૧૦,૦૦૦ ની આર્થિક લાલચમાં તેઓ ઓડિશાના બ્રહ્મપુર રેલવે સ્ટેશનથી આ મોટો કન્સાઈનમેન્ટનો જથ્થો લઈને સુરત ખાતે પહોંચાડવા આવ્યા હતા. ગહન પૂછપરછ દરમિયાન એક મહિલાએ એ પણ સ્વીકાર્યું હતું કે તે ભૂતકાળમાં પણ આ જ રીતે ટ્રેન મારફતે ગાંજાનો જથ્થો સુરત અને ગુજરાતના અન્ય વિસ્તારોમાં સફળતાપૂર્વક સપ્લાય કરી ચૂકી છે.

# વડોદરામાં પ્રતિબંધિત નશાકારક કફ સિરપનો 22.58 લાખનો જથ્થો ઝડપાયો

## SOGની ટીમે રેડ કરતા દુકાન બંધ મળી, દુકાનનું તાળું તોડી 1,920 બોટલ જપ્ત કરી, આરોપી વોન્ટેડ જાહેર

વડોદરા, તા.14

વડોદરા શહેરમાં ગેરકાયદેસર માદક પદાર્થોની હેરાફેરી સામે SOG દ્વારા સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આ દરમિયાન ગોરવા ITI રોડ પર આવેલા પ્રમુખ ફ્લેટ્સની દુકાન નં.5માં SOGની ટીમે રેડ કરી હતી અને દુકાનમાંથી 22.58 લાખથી વધુ કિંમતની પ્રતિબંધિત નશાકારક કોડીન કફ સિરપની 1,920 બોટલનો જથ્થો મળી આવ્યો હતો. આ સમગ્ર મામલે ગોરવા પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

વડોદરા SOG પીઆઈ બી.ડી. જીતીયાના માર્ગદર્શન હેઠળ SOGની ટીમ શહેરમાં પેટ્રોલિંગ કરી રહી હતી. તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ યુવરાજસિંહ અશોકસિંહને બાતમી મળી હતી કે, સમતા રોડ પર આવેલ નર્મદાનગરી વિભાગ-3 સોસાયટી સામે આવેલા પ્રમુખ ફ્લેટ્સના ગ્રાઉન્ડ ફ્લોરની બંધ શટરવાળી દુકાનમાં ગેરકાયદેસર કોડીન કફ સિરપની પેટીઓ રાખવામાં આવી છે.

આ બાતમીના આધારે પોલીસે ITI રોડ, ગોરવા ખાતે પ્રમુખ ફ્લેટ્સની દુકાન નં. 5માં દરોડો પાડ્યો હતો અને પંચોને સાથે રાખીને દુકાનનું તાળું તોડ્યું હતું અને દુકાનમાં તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન પારદર્શક પ્લાસ્ટિકથી વીંટાળેલા ખાખી રંગના પુઠાના બોક્સ મળી આવ્યા હતા. બોક્સ ખોલતા પ્લાસ્ટિક સ્ટીકરવાળી પ્રવાહી ભરેલી સીલબંધ બોટલો મળી આવી હતી. સ્થળ પર ફૂડ એન્ડ ડ્રગ્સ ઈન્સ્પેક્ટર તથા FSL અધિકારીને બોલાવી ચકાસણી કરાવતા આ જથ્થો પ્રતિબંધિત અને નશાકારક કફ સિરપનો હોવાનું બહાર આવ્યું હતું.

પોલીસ તપાસમાં Codeine Phosphate & Triprolidine Hydrochloride Syrup, UGREX COUGH SYRUP 100 એમ એલની 22,58,880 રૂપિયાની કિંમતની કુલ 1,920 બોટલ મળી આવી હતી. આ ઉપરાંત બે ઈન્વોઈસ બિલ, એક ઈ-વે બિલ અને એક ટ્રાન્સપોર્ટ પાવતી પણ કબજે કરવામાં આવી છે.

પ્રાથમિક તપાસમાં આ જથ્થો ગોરવા ખાતે સાઈ લાઈફ સાયન્સ સાથે સંકળાયેલા આકાશસિંહ રાજેશસિંહ ઠાકુર (રહે.સાઈ લાઈફ સાયન્સ, શોપ નં. 7, લાભ બિઝનેસ હબ, કરોડીયા રોડ પાસે, ગોરવા, વડોદરા) દ્વારા પોતાના આર્થિક લાભ માટે હિમાચલ પ્રદેશના બદદ્દી ખાતેની UGKing ફાર્મા પાસેથી ઈન્વોઈસ મારફતે ખરીદવામાં આવ્યો હતો. ત્યારબાદ ઓલકાર્ગો લોજિસ્ટિક ટ્રાન્સપોર્ટ મારફતે વડોદરા લાવી દુકાનમાં સંગ્રહ કરવામાં આવ્યો હતો.

# 'ઓપરેશન સેવા': આરપીએફ અમદાવાદે બે સગીર છોકરીઓને સુરક્ષિત બચાવી, બે આરોપીની ધરપકડ



અમદાવાદ, તા.14

'ઓપરેશન સેવા' અંતર્ગત ઝડપી અને સંકલિત કાર્યવાહી હાથ ધરીને, રેલવે સુરક્ષા દળ(આરપીએફ) અમદાવાદ મંડળે જોધપુરથી કથિત રીતે અપહરણ કરાયેલી બે સગીર છોકરીઓને અમદાવાદ રેલવે સ્ટેશન પરથી સફળતાપૂર્વક સુરક્ષિત બચાવી લીધી હતી. આ કેસમાં સંડોવાયેલા બે આરોપીઓની પણ ધરપકડ કરવામાં આવી છે.

13 ઓગસ્ટ 2026ના રોજ, આરપીએફ અમદાવાદને પોલીસ સ્ટેશન કુડી ભગતાસની (જોધપુર શહેર) તરફથી બે ગુમ થયેલી સગીર છોકરીઓ અંગે માહિતી મળી હતી, જેમણે ટ્રેન મારફતે મુસાફરી કરી હોવાની આશંકા હતી. માહિતી મળતાં જ આરપીએફ નિરીક્ષક (IPF/ADI) દ્વારા તાત્કાલિક એક વિશેષ ટીમની રચના કરવામાં આવી હતી. ટીમમાં સબ-ઈન્સ્પેક્ટર (SI) સોનુ કુમાર, આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર (ASI) રિતેશ યાદવ તેમજ અન્ય આરપીએફ કર્મચારીઓ સામેલ હતા.

આરપીએફ ટીમે અમદાવાદ રેલવે સ્ટેશન પર ટ્રેન સંખ્યા 20693 જોધપુર-કેએસઆર બેંગલુરુ એક્સપ્રેસની ચેકિંગ દરમિયાન એક સગીર છોકરીને ઓળખી કાઢી હતી. છોકરી સાથે રહેલા એક વ્યક્તિએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આરપીએફ ટીમે તેનો પીછો કરીને તેને ઝડપી લીધો હતો. આરોપીએ પકડાય તે પહેલાં પોતાનો મોબાઈલ ફોન (જેમાં મેસેજ અને કોલ રેકોર્ડ ડિલીટ કરવામાં આવ્યા હતા) ટ્રેનમાંથી બહાર ફેંકી દીધો હતો.. બાદમાં આ મોબાઈલ ફોન નડિયાદ રેલવે સ્ટેશન પરથી સફળતાપૂર્વક મળી આવ્યો હતો.

આર પી એફ કર્મચારીઓએ જપ્ત કરાયેલા મોબાઈલ ફોનમાંથી જરૂરી ડેટા રિસ્ટોર કરીને બીજા આરોપીના મોબાઈલ નંબરની માહિતી મેળવી હતી. જોધપુર પોલીસના સહયોગથી તેની લાઈવ લોકેશન ટ્રેસ કરવામાં આવી હતી. આ આધારે બીજા આરોપીને બીજી સગીર છોકરી સાથે અમદાવાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 1 પરથી ઝડપી લેવામાં આવ્યો હતો.

પ્રાથમિક પૂછપરછ દરમિયાન આરોપીઓએ કબૂલ્યું હતું કે તેમણે સોશિયલ મીડિયા અને ગેમિંગ પ્લેટફોર્મ મારફતે સગીર છોકરીઓ સાથે મિત્રતા કરી હતી અને તેમને તેમના ઘરેથી લઈ આવીને જોધપુર રેલવે સ્ટેશનથી બેંગલુરુ લઈ જવાની યોજના બનાવી હતી.

આરોપીઓના મોબાઈલ ફોનમાંથી "આર્યન" નામનું બનાવટી ઈ-આધાર કાર્ડ તેમજ સગીર છોકરીઓના આધાર કાર્ડની તસવીરો પણ મળી આવી છે. આરોપીઓની ઓળખ બેંગલુરુના રહેવાસી આકિબ અન્સારી (ઉંમર 24 વર્ષ) અને સૈયદ ઈબ્રાહિમ તરીકે થઈ છે.

DRM અમદાવાદ શ્રી વેદ પ્રકાશે જણાવ્યું: "રેલવેમાં મુસાફરો, ખાસ કરીને બાળકો અને મહિલાઓની સુરક્ષા અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. RPF ટીમે માહિતી મળતાની સાથે જ જે તત્પરતા, સતર્કતા અને સંકલન સાથે કાર્યવાહી કરી તે પ્રશંસનીય છે. ડિજિટલ ટેક્નોલોજી અને સુરક્ષા એજન્સીઓના અસરકારક સંકલનથી બંને સગીર બાળાઓને સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરવામાં આવી. રેલવે પરિસરમાં કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ સામે અમારી સુરક્ષા વ્યવસ્થા સંપૂર્ણપણે સતર્ક છે." Sr.DSC અમદાવાદ શ્રી અંશુમાન ત્રિપાઠીએ જણાવ્યું: "ઓપરેશન સેવા હેઠળ મળેલી માહિતીના આધારે RPF ટીમે કોઈપણ વિલંબ કર્યા વિના કાર્યવાહી શરૂ કરી. ટેક્નિકલ અને ડિજિટલ પુરાવાઓનો ઉપયોગ કરીને પ્રથમ આરોપી સુધી પહોંચવામાં આવી અને જપ્ત કરાયેલા મોબાઈલમાંથી પ્રાપ્ત માહિતીના આધારે બીજા આરોપીનું લોકેશન ટ્રેસ કરવામાં આવ્યું. જોધપુર પોલીસ સાથેના શ્રેષ્ઠ સંકલનથી બંને સગીર બાળાઓને સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરવાનું શક્ય બન્યું. RPF અમદાવાદ મંડળ રેલવે પરિસરમાં બાળકો અને મુસાફરોની સુરક્ષા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે."

બંને સગીર બાળાઓ તેમજ બંને આરોપીઓને આરપીએફ પોસ્ટ અમદાવાદ ખાતે લાવવામાં આવ્યા હતા. પોલીસ સ્ટેશન કુડી ભગતાસની, જોધપુર શહેરને જાણ કર્યા બાદ, બંને બાળાઓ અને આરોપીઓને આગળની કાયદેસરની કાર્યવાહી તથા સંબંધિત જોધપુર પોલીસ અધિકારીઓને સોંપવા માટે લેખિત મેમો દ્વારા GRP અમદાવાદને સુપરત કરવામાં આવ્યા હતા. આરપીએફ અમદાવાદ, જીઆરપી અમદાવાદ અને જોધપુર પોલીસ દ્વારા કરવામાં આવેલી ઝડપી કાર્યવાહી, ડિજિટલ પુરાવાઓના અસરકારક ઉપયોગ તેમજ વિવિધ એજન્સીઓ વચ્ચેના ઉત્તમ સંકલનના પરિણામે બંને સગીર બાળાઓને સુરક્ષિત રીતે શોધી કાઢવામાં આવી અને તેમને રાજ્યની બહાર લઈ જવામાં આવે તે પહેલાં જ આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા.

# ભારત-શ્રીલંકા ટેસ્ટ શ્રેણી: કેપ્ટન શુભમન ગિલની 'અગ્નિપરીક્ષા', શું વિરાટ-રોહિતનો રેકોર્ડ જળવાશે?



**નવી દિલ્હી, તા.14**

ભારત અને શ્રીલંકા વચ્ચેની ટેસ્ટ શ્રેણીનો પ્રારંભ 15 ઓગસ્ટથી થવા જઈ રહ્યો છે. શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચ ગૉલ ખાતે રમાશે, જે ભારતીય ટીમના નવા કેપ્ટન શુભમન ગિલ માટે કોઈ 'અગ્નિપરીક્ષા'થી ઓછી નહીં હોય. છેલ્લા 11 વર્ષોમાં વિરાટ કોહલી અને રોહિત શર્માએ શ્રીલંકાની ધરતી પર પોતાની કપ્તાની હેઠળ ભારતીય ટીમનો અભૂતપૂર્વ દબદબો સ્થાપિત કર્યો છે. હવે આ ઐતિહાસિક વારસાને આગળ ધપાવવાની સંપૂર્ણ જવાબદારી શુભમન ગિલના ખભા પર આવી ગઈ છે.

ઉલ્લેખનીય છે કે, શ્રીલંકા સામે ટેસ્ટ ક્રિકેટમાં ભારતની છેલ્લી હાર વર્ષ 2015માં થઈ હતી, ત્યારથી લઈને આજ સુધી શ્રીલંકાની ટીમ ભારત સામે એક પણ ટેસ્ટ જીતવા માટે તરસી રહી છે.

વર્ષ 2014માં એમ.એસ. ધોનીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા બાદ વિરાટ કોહલીએ ટીમની કમાન સંભાળી હતી.

'મનીષ સિસોદિયા પર કોઈ આરોપ નથી લગાવ્યાં..' કોર્ટમાં CBIના દાવા સામે કેજરીવાલનો ઘટસ્ફોટ

કેપ્ટન તરીકે પોતાની પ્રથમ ટેસ્ટમાં શ્રીલંકા સામે હારનો સામનો કરવો પડ્યો હોવા છતાં, ત્યાર બાદ વિરાટની કપ્તાનીમાં ટીમ ઈન્ડિયા શ્રીલંકા સામે સળંગ 8 ટેસ્ટ મેચો સુધી અજેય રહી હતી.

વિરાટ બાદ જ્યારે રોહિત શર્મા સુકાની બન્યો, ત્યારે તેની આગેવાનીમાં વર્ષ 2022માં ભારતે શ્રીલંકાને 2-0થી વ્હાઈટવોશ કર્યો હતો.

આ બંને દિગ્ગજોના નેતૃત્વમાં ભારતે શ્રીલંકા સામે રમેલી 11 ટેસ્ટ મેચોમાંથી 8 માં ભવ્ય વિજય મેળવ્યો છે, માત્ર 1 મેચમાં પરાજય થયો છે અને 2 મુકાબલા ડ્રો રહ્યા છે.

આ મુકાબલામાં શુભમન ગિલ સામે અનેક મુશ્કેલીઓ અને સવાલો ખડકાયેલા છે: શ્રીલંકામાં ટેસ્ટ ડેબ્યૂ: ગિલ પોતે એક ખેલાડી તરીકે શ્રીલંકાની ધરતી પર પ્રથમ વખત શ્રીલંકા સામે ટેસ્ટ ક્રિકેટ રમશે. ત્યાંની પિચો અને પરિસ્થિતિઓથી પરિચિત થવું એ પોતાનામાં એક મોટો પડકાર છે.

બુમરાહની ગેરહાજરી અને બિનઅનુભવી ટીમ: ટીમમાં સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ સામેલ નથી. ભારતની આ યુવા ટીમમાં માત્ર 5 ખેલાડીઓ–કે. એલ. રાહુલ, મોહમ્મદ સિરાજ, રિષભ પંત, રવીન્દ્ર જાડેજા અને ખુદ શુભમન ગિલ પાસે જ 40 કે તેથી વધુ ટેસ્ટ મેચોનો અનુભવ છે.

બોલિંગ ડિપાર્ટમેન્ટ: ખાસ કરીને ટીમનું બોલિંગ આક્રમણ અત્યંત યુવા અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઘણો ઓછો અનુભવ ધરાવતું છે. આ સ્થિતિમાં આટલી યુવા ટીમ સાથે રોહિત-વિરાટનો વિજયી રેકોર્ડ જાળવવો ગિલ માટે કપરા ચઢાણ સમાન રહેશે.

બંને દેશો વચ્ચેના ઓવરઓલ ટેસ્ટ ઈતિહાસ પર નજર કરીએ તો ભારતનું પલ્લું ખૂબ જ ભારે રહ્યું છે: કુલ ટેસ્ટ મેચ: 46, ભારતની જીત: 22, શ્રીલંકાની જીત: 7, ડ્રો મેચ: 17. છેલ્લા 17 વર્ષોમાં શ્રીલંકા ભારત સામે માત્ર 2 ટેસ્ટ મેચ જ જીતી શક્યું છે. વિરાટ અને રોહિતના યુગમાં ટીમ ઈન્ડિયાએ જે નિર્વિવાદ પ્રભુત્વ ઊભું કર્યું હતું, તે દબદબો ગિલના નેતૃત્વમાં જળવાઈ રહે છે કે નહીં તેના પર હવે સૌની નજર ટકેલી છે.

# BCCIમાં ધરખમ ફેરફારની તૈયારી, દિગ્ગજ ક્રિકેટર બનશે ડાયરેક્ટર ઓફ ક્રિકેટ.....

**નવી દિલ્હી, તા.14**

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડમાં વહીવટી અને ક્રિકેટિંગ સ્તરે મોટા ફેરફારોની ચર્ચાઓએ જોર પકડ્યું છે. અહેવાલો મુજબ, પૂર્વ દિગ્ગજ બેટ્સમેન અને હાલમાં BCCI સેન્ટર ઓફ એક્સિલન્સ (CoE) ના વડા વીવીએસ લક્ષ્મણને બોર્ડમાં એક અત્યંત મહત્વપૂર્ણ અને નવી ભૂમિકા 'ડાયરેક્ટર ઓફ ક્રિકેટ' તરીકે સોંપવામાં આવી શકે છે. જો આ પ્રસ્તાવને મંજૂરી મળે છે, તો લક્ષ્મણનું કાર્યક્ષેત્ર માત્ર CoE પૂરતું મર્યાદિત નહીં રહેતા, સમગ્ર ભારતીય ક્રિકેટની વિવિધ પાંખો વચ્ચે સેતુ સમાન બનશે.

વીવીએસ લક્ષ્મણ લાંબા સમયથી ભારતીય ક્રિકેટના પાયાના કામ સાથે જોડાયેલા છે. તેઓ ખાસ કરીને યુવા ખેલાડીઓના વિકાસ અને હાઈ-પરફોર્મન્સ પ્રોગ્રામ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. મુખ્ય કોચ ગૌતમ ગંભીરે પણ અગાઉ લક્ષ્મણના યોગદાનની પ્રશંસા કરતા CoE ને 'ભારતીય ક્રિકેટની પાઈપલાઈન' ગણાવી હતી. લક્ષ્મણનો બહોળો અનુભવ તેમને આ વ્યાપક ભૂમિકા માટે સૌથી મજબૂત ઉમેદવાર બનાવે છે.



'મનીષ સિસોદિયા પર કોઈ આરોપ નથી લગાવ્યાં..' કોર્ટમાં CBIના દાવા સામે કેજરીવાલનો ઘટસ્ફોટ, જો આ પદની રચના કરવામાં આવે છે, તો લક્ષ્મણની જવાબદારીઓ ખૂબ જ વિસ્તૃત હોઈ શકે છે. સંકલન: ટીમ ઈન્ડિયા, પસંદગી સમિતિ, કોચિંગ સ્ટાફ અને ખેલાડી વિકાસ પ્રોગ્રામ વચ્ચે સુમેળ સાધવો.

નવા ટેલેન્ટની શોધ: પ્રતિભાશાળી ખેલાડીઓની ઓળખ અને તેમના સતત વિકાસ માટેની વ્યૂહરચના તૈયાર કરવી.


વ્યૂહાત્મક આયોજન: હાઈ-પરફોર્મન્સ પ્લાનિંગ દ્વારા ભારતીય ક્રિકેટની ભવિષ્યની દિશા નક્કી કરવી. આ પદ માત્ર વહીવટી નહીં હોય, પરંતુ તે ભારતીય ક્રિકેટમાં યુવા ખેલાડીઓથી લઈને સીનિયર ટીમ સુધીના તમામ સ્તરે મોટો પ્રભાવ પાડી શકે છે.

BCCI માટે સપ્ટેમ્બર મહિનો મહત્વનો છે, કારણ કે આ સમયગાળામાં બોર્ડના મહત્વના હોદ્દાઓ અને સિસ્ટમમાં બદલાવ અંગે નિર્ણયો લેવાઈ શકે છે. ખાસ કરીને ચીફ સિલેક્ટર અજીત અગરકરના કાર્યકાળને લઈને પણ ચર્ચાઓ ચાલી રહી છે, જેના પર 2027 વનડે વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવાઈ શકે છે. અગાઉ 2024 માં રાહુલ દ્રવિડ પછી હેડ કોચ બનવાની તક હોવા છતાં લક્ષ્મણે CoE માં કામ ચાલુ રાખવાનું પસંદ કર્યું હતું, જે તેમની ખેલાડી વિકાસ સિસ્ટમ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

# કપિલ દેવની બરાબરી કરી મિચેલ સ્ટાર્કે રચ્યો ઈતિહાસ, ટેસ્ટ ક્રિકેટમાં બન્યો સૌથી સફળ બોલર

**નવી દિલ્હી, તા.14**

ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ ફાસ્ટ બોલર મિચેલ સ્ટાર્કે ટેસ્ટ ક્રિકેટમાં એક શાનદાર અને ઐતિહાસિક ઉપલબ્ધિ પોતાના નામે કરી લીધી છે. બાંગ્લાદેશ સામે ડારવિનમાં રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ઓપનર શાદમાન ઈસ્લામની વિકેટ ઝડપતાંની સાથે જ સ્ટાર્ક ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં સૌથી વધુ વિકેટ ઝડપનાર ડાબોડી બોલર બની ગયો છે. આ રૅકોર્ડ સાથે તેણે વૈશ્વિક સ્તરે પોતાની શ્રેષ્ઠતા વધુ એકવાર સાબિત કરી છે. 36 વર્ષીય મિચેલ સ્ટાર્કે આ મામલામાં શ્રીલંકાના મહાન સ્પિનર રંગના હેરાથને પાછળ છોડી દીધો છે. આ ઉપરાંત, ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેનારા બોલરોની યાદીમાં તેણે ભારતના મહાન કૅપ્ટન અને ઓલરાઉન્ડર




કપિલ દેવની બરાબરી પણ કરી લીધી છે. બાંગ્લાદેશની પહેલી ઈનિંગ દરમિયાન નવમી ઓવરમાં સ્ટાર્કે આ સફળતા મેળવી હતી. મિચેલ સ્ટાર્કે માત્ર 106 ટેસ્ટ મેચમાં જ 434 વિકેટોનો આંકડો સ્પર્શી લીધો છે, જ્યારે કપિલ દેવે 131 ટેસ્ટમાં આ સિદ્ધિ મેળવી હતી. હવે મિચેલ સ્ટાર્કની નજર ટેસ્ટ ક્રિકેટના ઓલ-ટાઈમ ટોપ-10 બોલરોની યાદીમાં સ્થાન મેળવવા પર છે. સાઉથ આફ્રિકાના મહાન ઝડપી બોલર ડેલ સ્ટેન 439 વિકેટો સાથે આ યાદીમાં 10મા ક્રમે છે. સ્ટાર્ક હાલ ડેલ સ્ટેનથી માત્ર 6 વિકેટ પાછળ છે, અને ટોપ-10માં પહોંચવા માટે તેને હવે માત્ર થોડી જ વિકેટોની જરૂર છે. તેની શાનદાર બોલિંગ રફતાર જોતાં તે જલદી જ આ મુકામ પણ પ્રાપ્ત કરી લેશે તેવી પૂરી સંભાવના છે. ઑક્ટોબર 2010માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પદાર્પણ કરનાર મિચેલ સ્ટાર્કે પોતાની ઝડપી ગતિ, સ્વિંગ અને ઘાતક યોર્કરથી દુનિયાભરના બેટ્સમેનોને પરેશાન કર્યા છે. તે પોતે વિશ્વના ખૂબ જ જૂજ ખેલાડીઓ પૈકીના એક છે જેમણે વનડે વર્લ્ડ કપ, ટી-20 વર્લ્ડ કપ અને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના ખિતાબ જીત્યા છે. વર્ષ 2015ના વર્લ્ડ કપમાં શાનદાર પ્રદર્શન માટે તેમને 'પ્લેયર ઑફ ધ ટુર્નામેન્ટ' જાહેર કરવામાં આવ્યા હતા.

# પિતાના અવસાનના 4 જ દિવસમાં મેદાન પર ઉતર્યો મેસી, આંખોમાં દર્દ અને ભાંગી પડેલા દિલ સાથે કરી વાપસી

**નવી દિલ્હી, તા.14**

વિશ્વના મહાન ફૂટબોલર લિયોનેલ મેસીના માથા પરથી પિતાનો સાયો છીનવાઈ ગયાના માત્ર 4 દિવસની અંદર જ તેણે ફરી એકવાર ફૂટબોલના મેદાન પર વાપસી કરી છે. પિતાના અવસાનથી ભાંગી પડેલા મેસીના ચહેરા પર ઉદાસી અને આંખોમાં પિતાને ગુમાવવાનું દર્દ સ્પષ્ટપણે જોઈ શકાતું હતું. મેસીને આ સ્થિતિમાં જોઈને વિશ્વભરના કરોડો ચાહકો ભાવુક થઈ ગયા હતા. ઉલ્લેખનીય છે કે, તેના પિતા જોર્જ મેસીનું 68 વર્ષની વયે લાંબી બીમારી બાદ અર્જેન્ટિનાના રોસારિયો શહેરમાં નિધન થયું હતું. તેઓ માત્ર મેસીના પિતા જ નહીં, પરંતુ તેના કરિયરના લાંબા સમય સુધી એજન્ટ અને બિઝનેસ મેનેજર પણ રહ્યા હતા.

પિતા જોર્જ મેસીના અવસાનના સમાચાર મળ્યા બાદ મેસી ફૂટબોલથી દૂર થઈ ગયા હતા અને ઈન્ટર મિયામી ક્લબે પણ પોતાના કેપ્ટનને આ માનસિક આઘાતમાંથી બહાર આવવા માટે બ્રેક આપ્યો હતો. એવી અટકળો ચાલતી હતી કે તે લાંબો સમય રમતથી દૂર રહેશે, પરંતુ અર્જેન્ટિનિયન સુપરસ્ટારે બુધવારે મિયામી ખાતે ચોંકાવનારી વાપસી કરી હતી. લિઓન સામે ઈન્ટર મિયામીની લીગ્સ કપ મેચમાં મેસી બીજા હાફમાં સબ્સ્ટિટ્યૂટ તરીકે મેદાનમાં ઉતર્યો હતો. જ્યારે મેસી મેચમાં



સામેલ થવા માટે ટચલાઈન તરફ આગળ વધ્યો, ત્યારે સ્ટેડિયમમાં ઉપસ્થિત પ્રેક્ષકોએ જોરદાર તાળીઓના ગડગડાટ સાથે તેને ભાવભીની શ્રદ્ધાંજલિ આપી હતી.

પિતાના નિધન બાદ ફેન્સને આશંકા હતી કે મેસી હવે ક્યારેય ફૂટબોલ મેદાન પર પાછા ફરશે કે નહીં, કારણ કે તેણે સોશિયલ મીડિયા પર પિતાને શ્રદ્ધાંજલિ આપતાં અત્યંત દુ:ખી હૃદયે લખ્યું હતું: 'મને નથી ખબર કે તમારા વગર હું શું કરીશ. મને નથી સમજાતું કે આગળ કેવી રીતે વધવું. મેં માત્ર ફૂટબોલ જ રમ્યું છે, અને હવે મને ભારે શંકા છે કે હું તેને વધુ સમય સુધી રમી શકીશ કે નહીં. તમે એક પિતા, મિત્ર અને પ્રતિનિધિ હતા. દરેક પળમાં તમારે જેવા હોવું જોઈતું હતું, તમે હંમેશાં એવા જ રહ્યા અને કોઈ વાતમાં ક્યારેય ખોટા નહોતા. કેટલીક તકરારોને બાદ કરતાં, તમે હંમેશાં સાચા હતા. અંતે બધું એવું જ થયું જેવું તમે કહ્યું હતું. તમારી ખૂબ યાદ આવશે, પરંતુ તમે હંમેશાં અમારી સાથે રહેશો, ખાસ કરીને મારા બાળકોના ઉછેરમાં, કારણ કે હું તેમને એ જ રીતે ઉછેરીશ જે રીતે તમે મને મોટો કર્યો હતો. ભગવાન તમારા આત્માને શાંતિ આપે અને ઉપરથી પણ અમારું ધ્યાન રાખજો. દરેક વસ્તુ માટે આભાર. પપ્પા, હું તમને ખૂબ પ્રેમ કરું છું.'

મેસીની મેદાન પર વાપસી એવા સમયે થઈ જ્યારે ઈન્ટર મિયામી ક્લબ મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહી હતી. મેસીની ગેરહાજરીમાં અગાઉ ક્લબને મોન્ટેરી સામે 2-1થી હારનો સામનો કરવો પડ્યો હતો. આથી લીગ્સ કપના અંતિમ ગ્રુપ-સ્ટેજ મેચમાં લિઓન સામે જીતવું મિયામી માટે અત્યંત જરૂરી હતું. આ મેચમાં મેસીને શરૂઆતમાં બેંચ પર રાખવામાં આવ્યા હતા અને હાફ-ટાઈમ પછી મેદાન પર ઉતારવામાં આવ્યા હતા. જોકે, તેમની વાપસી છતાં ઈન્ટર મિયામીનો પરાજય થયો હતો.

# 'જો આપણે જોખમ લેવાનાં બંધ કરી દઈશું, તો ખરાબ ફિલ્મો બનાવીશું' : સૌરભ સચદેવા

## સૌરભ સચદેવાએ ફોર્મ્યુલા આધારિત ફિલ્મો અંગે વિચારો વ્યક્ત કર્યા

**મુંબઈ, તા.14**

જ્યારે ફિલ્મ નિર્માતાઓ માટે દર્શકોને શું ગમશે તે નક્કી કરવું વધુને વધુ અનિશ્ચિત બની રહ્યું છે, ત્યારે અભિનેતા સૌરભ સચદેવા માને છે કે આ અનિશ્ચિતતા કદાચ ફિલ્મ માટે સૌથી મોટો સર્જનાત્મક ફાયદો બની શકે છે. 'એનિમલ' અને 'જાને જાન' (2023) જેવી ફિલ્મોમાં પોતાના અભિનય માટે જાણીતા અને તાજેતરમાં 'સતલુજ' તથા 'ઈશ્કનામા'માં જોવા મળેલા અભિનેતાએ કહ્યું, "આપણે ખબર નથી હોતી કે કયા પ્રોજેક્ટમાંથી આપણને કેવા પ્રકારની સફળતા મળશે. કઈ ફિલ્મ ચાલશે અને કઈ નહીં, તે પણ આપણે જાણતા નથી."

તેણે વધુમાં કહ્યું, "હું હંમેશાં



માનું છું કે આ જ સૌથી સારી સ્થિતિ છે, કારણ કે અનિશ્ચિતતા સર્જનાત્મકતાની જનની છે. આપણી પાસે જેટલી વધુ અનિશ્ચિતતા હશે, તેટલા જ આપણે વધુ ઉત્સુક રહીશું અને યોગ્ય પ્રોજેક્ટ બનાવવા માટે વધુ સજાગ રહીશું."

સચદેવાના મતે અનિશ્ચિતતાને કારણે ફિલ્મ નિર્માતાઓએ અજમાવેલી અને સફળ ફોર્મ્યુલા તરફ પાછા ફરવાને બદલે પ્રયોગો કરવા જોઈએ. તેણે કહ્યું, "જીવનમાં જો કોઈ અનિશ્ચિતતા ન હોય, તો આપણને ખબર નથી પડતી કે શું કામ કરશે. આપણે અનિશ્ચિત હોઈએ છીએ ત્યારે તે વધુ સારી રીતે કામ કરે છે. મને લાગે છે કે તે વધુ સારું કામ સર્જવામાં મદદ કરે છે. જો આપણે જોખમ લેવાનું બંધ કરી દઈશું, તો કંટાળી જઈશું અને ખરાબ ફિલ્મો બનાવવા લાગીશું, જે થઈ પણ રહ્યું હતું."

તેણે વધુમાં કહ્યું, "આપણે જાણતા નથી કે શું કામ કરશે, તેથી કંઈક નવું કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. આપણે જે ફોર્મ્યુલા અજમાવી રહ્યા છીએ તે કામ કરી રહી નથી, તો કંઈક નવું કરવું વધુ સારું છે. મને લાગે છે કે આ જ યોગ્ય રસ્તો છે."

જોકે, સૌરભ એ વાત પણ સ્વીકારે છે કે સર્જનાત્મકતાને વ્યાવસાયિક પાસાથી અલગ કરી શકાય નહીં. તેણે કહ્યું, "બિઝનેસ અને ક્રિએટિવિટી સાથે મળીને ચાલવા જોઈએ." તેણે સમજાવ્યું કે નિર્માતા જે રોકાણ કરે છે તે આખરે ફિલ્મને દર્શકો સુધી પહોંચાડવા માટે જરૂરી તેના કદ અને સંસાધનો નક્કી કરે છે. સૌરભે ફિલ્મોને માત્ર બોક્સ ઓફિસના આંકડાઓના આધારે માપવા સામે ચેતવણી પણ આપી. તેણે કહ્યું, "આંકડાઓથી ફિલ્મને જજ ન કરી શકાય. ફિલ્મને તેની પોતાની રીતે જજ કરી શકાય, કારણ કે આંકડાઓ ફિલ્મને ખાઈ રહ્યા છે. આપણે માત્ર તેની પાછળ દોડી રહ્યા છીએ. એટલે આપણે કંઈપણ વેચી રહ્યા છીએ– ચાલો આંકડાઓની પાછળ દોડીએ અને કોઈપણ રીતે લોકોને ખોટું કહીએ."

# "ફોન પર ટ્રેલર જોઈને ટીકા કરવી હાસ્યાસ્પદ છે": રણબીર કપૂર....

**મુંબઈ, તા.14**

નિતેશ તિવારીની ફિલ્મ 'રામાયણ'નું ટ્રેલર 30 જુલાઈએ રિલીઝ થયા બાદ તેના વિઝ્યુઅલ્સ અને વીએફએક્સને લઈને ચર્ચા શરૂ થઈ હતી. ફિલ્મનાં વિશાળ સ્કેલના કેટલાક દર્શકોએ વખાણ કર્યા હતા, જ્યારે કેટલાકે સીજીઆઈની ટીકા કરી હતી. હવે રણબીર કપૂરે ફિલ્મના વીએફએક્સ અંગે થઈ રહેલી ટીકાઓ પર પોતાનો જવાબ આપ્યો છે.

એક ઈન્ટરવ્યુમાં રણબીરે કહ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં દર્શકોમાં સીજીઆઈની ગુણવત્તા અંગે જાગૃતિ વધી છે, ખાસ કરીને એઆઈના વધતા ઉપયોગને કારણે. તેણે કહ્યું, "છેલ્લા કેટલાક વર્ષોમાં એક પ્રકારની ઘટના જોવા મળી છે. મોટી સંખ્યામાં લોકો હવે 'સીજી ક્રિટિક્સ' બની ગયા છે. તેઓ ટ્રેલર જુએ છે અને તરત જ કહે છે કે સીજીઆઈ સારું નથી અથવા કામ અધૂરું લાગે છે."



રણબીરે ઉમેર્યું કે એઆઈનાં વધતા પ્રભાવને કારણે લોકો સીજીઆઈ કેવી રીતે બનાવવામાં આવે છે અને આખરે ફિલ્મમાં તે કેવું દેખાશે તે અંગે વધુ રસ લેવા લાગ્યા છે. તેણે કહ્યું, "ક્યારેક મને આ ખુબ હાસ્યાસ્પદ લાગે છે, કારણ કે જે લોકો જાણે છે કે સીજી કેવી રીતે બનાવવામાં આવે છે, તેઓ સમજે છે કે કોઈએ બસ એઆઈનો ઉપયોગ કરીને કંઈક બનાવીને રિલીઝ નથી કરી દીધું. કલાકારો વર્ષો સુધી અસંખ્ય કલાકો કામ કરતા હોય છે. મેં નિતેશ સર અને નમિતને આ પ્રોજેક્ટ શરૂ થયો ત્યારથી વીએફએક્સ અંગેની ચર્ચાઓમાં જોયા છે. તેઓ આકાશના ચોક્કસ રંગને યોગ્ય બનાવવા જેવી નાની બાબત માટે પણ કલાકો સુધી કામ કરતા રહ્યા છે." તેણે સ્વીકાર્યું કે હાલના સમયમાં દર્શકોને અસલી અને વિશ્વસનીય સીજીઆઈથી પ્રભાવિત કરવાં પડકારજનક છે.

# 'રામાયણ'માં ચેતન હંસરાજ 7 પાત્રો ભજવશે

**મુંબઈ, તા.14**

30 જુલાઈએ રિલીઝ થયેલું 'રામાયણ'નું ટ્રેલર લગભગ બે અઠવાડિયા બાદ પણ ચર્ચામાં છે. ફિલ્મમાં વિશાળ સ્ટારકાસ્ટ છે, પરંતુ અભિનેતા ચેતન હંસરાજનું યોગદાન ખાસ રસપ્રદ બનવાનું છે. ચેતન ફિલ્મમાં એક-બે નહીં, પરંતુ કુલ 7 અલગ-અલગ પાત્રો ભજવતો જોવા મળશે.

એક ઈન્ટરવ્યુમાં 54 વર્ષના ચેતન હંસરાજે જણાવ્યું કે ફિલ્મમાં તે રાજા માલીની ભૂમિકા ભજવી રહ્યો છે, જે રાવણ એટલે કે યશના નાના છે. ચેતને કહ્યું, "રાજા માલી એક મહત્વનું પાત્ર છે, જેનો ઈતિહાસમાં ઉલ્લેખ છે. યશ સાથેના મારા સીન બહુ શાનદાર છે. તે સ્ક્રીન પર અદ્ભુત છે અને આ બંને પાત્રો એકબીજાનાં ખૂબ સારી રીતે પૂરક બને છે. મારા માટે આ ઘણી મોટી વાત હતી."

પરંતુ ફિલ્મમાં તેની ભૂમિકા



આટલેથી પૂરી થતી નથી. ચેતને જણાવ્યું કે રાજા માલી તરીકેનું શૂટિંગ પૂર્ણ કર્યા બાદ તેને છ વધુ મોશન-કૅપ્ચર પાત્રો ભજવવાની ઓફર કરવામાં આવી હતી. તેમાં રાવણના એક ભાઈ અને એક રાક્ષસનું પાત્ર પણ સામેલ છે. આ રીતે ચેતન હંસરાજ ફિલ્મમાં કુલ સાત પાત્રો ભજવતો જોવા મળશે.

ફિલ્મને લઈને થઈ રહેલી ટીકાઓ અને રામાનંદ સાગરની લોકપ્રિય ટીવી સીરિયલ 'રામાયણ' સાથે થઈ રહેલી સરખામણી અંગે પણ ચેતન હંસરાજે વાત કરી હતી. તેણે કહ્યું, "અમારી પાસે હોલિવૂડ અને બોલિવૂડના શ્રેષ્ઠ એક્શન ડિરેક્ટર્સ અને ટેક્નિશિયન્સ છે, જેમાં ટેરી નોટરી જેવા લોકો પણ સામેલ છે. આજના નિર્માતાઓ દર્શકોને શ્રેષ્ઠ સિનેમેટિક અનુભવ આપવા માગે છે અને આપણે આ દૃષ્ટિકોણને સમજવો જોઈએ.

# અજય દેવગન 'ક્રાઈમ પેટ્રોલ 2026'માં અનુપ સોનીને રિપ્લેસ નહીં કરે, માત્ર 'સ્પેશિયલ હોસ્ટ' તરીકે જોવા મળશે

**મુંબઈ, તા.14**

10 ઓગસ્ટે જાહેરાત કરવામાં આવી હતી કે અજય દેવગન 'ક્રાઈમ પેટ્રોલ 2026'ના હોસ્ટ તરીકે જોડાયા છે. સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન પર પ્રસારિત થનારો અને સોની લિવ પર સ્ટ્રીમ થનારો લોકપ્રિય ક્રાઈમ શો નવી સીઝન સાથે પરત ફરી રહ્યો છે. જોકે, જાહેરાત બાદ અહેવાલો વહેતા થયા હતા કે અજય દેવગને વર્ષોથી 'ક્રાઈમ પેટ્રોલ' સાથે જોડાયેલા અનુપ સોનીને હોસ્ટ તરીકે રિપ્લેસ કર્યા છે.

હવે આ અંગેના અહેવોલામાંથી મળતી માહિતી અનુસાર આ અહેવાલો સાચા નથી. સુત્રએ



જણાવ્યું કે, "અજય દેવગને અનુપ સોનીને 'ક્રાઈમ પેટ્રોલ'ના હોસ્ટ તરીકે ચોક્કસપણે રિપ્લેસ કર્યા નથી. અજય 'સ્પેશિયલ હોસ્ટ' તરીકે જોડાયા છે અને માત્ર અમુક ચોક્કસ એપિસોડ્સ હોસ્ટ કરતો જોવા મળશે."

સુત્રએ વધુમાં જણાવ્યું કે 'ક્રાઈમ પેટ્રોલ 2026'ના નિર્માતાઓ અજય દેવગનને શો સાથે જોડવા માટે ઉત્સુક હતા, કારણ કે તે દેશનો સૌથી લોકપ્રિય કલાકારોમાંથી એક છે અને ભારતીય દર્શકોમાં તેનો ચહેરો ખૂબ જ ઓળખીતો છે. અજયને પણ આ વિચાર પસંદ આવ્યો. માત્ર થોડા એપિસોડ્સ માટેની પ્રતિબદ્ધતા હોવાથી તે પોતાનાં વ્યસ્ત શીડ્યુલ વચ્ચે પણ આ પ્રોજેક્ટ માટે સમય ફાળવી શક્યો.

સુત્રના જણાવ્યા પ્રમાણે, અજય દેવગન જે એપિસોડ્સમાં જોવા નહીં મળે તે એપિસોડ્સ માટે એક પ્રાથમિક હોસ્ટ હશે. જોકે, આ હોસ્ટ કોણ હશે તેનું નામ નિર્માતાઓએ હાલ ગુપ્ત રાખ્યું છે. આગામી દિવસોમાં તેની સત્તાવાર જાહેરાત થવાની શક્યતા છે.

અજય દેવગને પણ શો સાથે જોડાવા અંગે પોતાની લાગણી વ્યક્ત કરતાં કહ્યું હતું કે 'ક્રાઈમ પેટ્રોલ' જેવા શો સાથે જોડાવું તેના માટે ચાહકો અને દર્શકો પ્રત્યેની જવાબદારી સમાન છે. તેના મતે, આ શોએ ક્રાઈમ સ્ટોરીઝને સમજવાની સાથે દર્શકોમાં જાગૃતિ અને સાવચેતી વધારવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. જ્યારે એક ઈન્ટરવ્યુમાં અનુપ સોનીએ 'ક્રાઈમ પેટ્રોલ' સાથેના પોતાના લાંબા જોડાણ અને વર્ષો દરમિયાન દર્શકો તરફથી મળેલા પ્રેમને યાદ કર્યો. તેમણે કહ્યું, "આ અંગે મારે વધારે કંઈ કહેવાનું નથી. 'ક્રાઈમ પેટ્રોલ' સાથે મારું લાંબું અને ઘણું ખાસ જોડાણ રહ્યું છે અને વર્ષોથી દર્શકોએ મને જે પ્રેમ અને સ્નેહ આપ્યો છે તેના માટે હું તેમનો આભારી છું."

# શેરબજારમાં પ્રારંભિક સત્રમાં જ કડાકો: સેન્સેક્સ 300 પોઈન્ટ તૂટ્યો, નિફ્ટી ઘટીને 24,300ની સપાટીએ

## વૈશ્વિક બજારોના મિશ્ર સંકેતો વચ્ચે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વેચવાલીનું ભારે દબાણ; DII તરફથી મજબૂત ફંડ સપોર્ટ યથાવત

મુંબઈ, તા.14

ભારતીય શેરબજારમાં આજે એટલે કે 14 ઓગસ્ટના રોજ કારોબારની શરૂઆત ભારે સુસ્તી અને કડાકા સાથે થઈ છે. સવારના પ્રારંભિક ટ્રેડિંગ સત્રમાં જ ચો તરફ વેચવાલીનું ચોક્કસ દબાણ જોવા મળી રહ્યું છે. બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE)નો મુખ્ય બેંચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ મજબૂત કડાકા સાથે 300 પોઈન્ટથી વધુ ઘટીને 77,800 ના નીચલા સ્તરે આવી પહોંચ્યો છે. આ જ રીતે નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) નો નિફ્ટી-50 ઈન્ડેક્સ પણ 80 પોઈન્ટનો ઘટાડો દર્શાવીને 24,300 ના અત્યંત મહત્વપૂર્ણ સપોર્ટ લેવલ પર કારોબાર કરતો જોવા મળી રહ્યો છે. વૈશ્વિક બજારોના મિશ્ર સંકેતો, નફાપીઠવણી અને મોટો ગ્લોબલ પોર્ટફોલિયો ધરાવતા રોકાણકારોની સાવચેતીભરી ચાલના કારણે ભારતીય બજાર આજે લાલ નિશાનમાં ખુલ્યું છે, જેના કારણે પ્રારંભિક મિનિટોમાં જ રોકાણકારોની સંપત્તિમાં મોટું ધોવાણ જોવા મળ્યું છે.



આજના વૈશ્વિક ઘટનાક્રમ પર નજર કરીએ તો એશિયન માર્કેટ્સમાં આજે કોઈ સ્પષ્ટ દિશા જોવા મળી રહી નથી અને મિશ્ર વલણ ઉપસી આવ્યું છે. દક્ષિણ કોરિયાનો મુખ્ય ઈન્ડેક્સ કોસ્પી 1.37 ટકા એટલે કે 79 પોઈન્ટના શાનદાર ઉછાળા સાથે 6,892 ના સ્તર પર કારોબાર કરી રહ્યો છે. આ સિવાય જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ પણ 0.85 ટકા એટલે કે 580 પોઈન્ટના સુધારા સાથે 68,889 ની ઊંચાઈએ પહોંચ્યો છે. જોકે, હોંગકોંગના હેંગસેંગ ઈન્ડેક્સમાં નબળાઈ ચાલુ રહી છે અને તે 0.93 ટકા એટલે કે 231 પોઈન્ટ ઘટીને 25,166 ના સ્તરે સરકી ગયો છે. બીજી તરફ, 13 ઓગસ્ટના રોજ અમેરિકી શેરબજારોમાં તીવ્ર ઉછાળો અને મજબૂતી જોવા મળી હતી. વોલ સ્ટ્રીટ પર ડાઉ જોન્સ ઈન્ડેક્સ 70 પોઈન્ટ વધીને 53,840 ના સ્તરે બંધ રહ્યો હતો. આ ઉપરાંત ટેકનોલોજી શેરોથી ભરપૂર નાસ્ડેક કમ્પોઝિટ ઈન્ડેક્સ 215 પોઈન્ટ અથવા 0.81 ટકા વધીને 26,803 ની સપાટી વટાવી ગયો હતો, જ્યારે S&P 500 ઈન્ડેક્સ પણ 50 પોઈન્ટ એટલે કે 0.65 ટકાના સુધારા સાથે 7,799 ના સ્તરે બંધ થવામાં સફળ રહ્યો હતો. ગ્લોબલ માર્કેટના આ વિરોધાભાષી સંકેતોની સીધી અસર સ્થાનિક રોકાણકારોના સેન્ટિમેન્ટ પર પડી છે. બજારના સંસ્થાકીય ડેટાનું વિશ્લેષણ કરતા સ્પષ્ટ થાય છે કે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII/FPI) નું વલણ હજુ પણ અસ્થિર છે. છેલ્લા 7 કારોબારી દિવસોના એકત્રિત ડેટા અનુસાર, FII એ ભારતીય બજારમાં 720 કરોડ રૂપિયાની ચોખ્ખી ખરીદી કરી છે, પરંતુ તાજેતરના છેલ્લા કારોબારી દિવસે તેમણે 511 કરોડ રૂપિયાના શેર વેચીને ભંડોળ પાછું ખેંચ્યું હતું. છેલ્લા 30 દિવસના લાંબા ગાળામાં વિદેશી રોકાણકારો દ્વારા કુલ 2,206 કરોડ રૂપિયાની ચોખ્ખી વેચવાલી નોંધાઈ છે.

આ પરિસ્થિતિ વચ્ચે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DII) ભારતીય શેરબજાર માટે મજબૂત ઢાલ બનીને ઊભા રહ્યા છે. DII દ્વારા સતત તોતિંગ મૂડીરોકાણ કરીને બજારને નીચલા સ્તરેથી મોટો આધાર આપવામાં આવી રહ્યો છે. સ્થાનિક ફંડોએ છેલ્લા કારોબારી દિવસે જ 4,353 કરોડ રૂપિયાનું વિશાળ રોકાણ કર્યું હતું. આટલું જ નહીં, છેલ્લા 7 દિવસમાં DII ની ચોખ્ખી ખરીદી 8,929 કરોડ રૂપિયા અને છેલ્લા 30 દિવસમાં 34,726 કરોડ રૂપિયાના આંકડાને સ્પર્શી ગઈ છે, જેના કારણે વિદેશી વેચવાલી વચ્ચે પણ ભારતીય બજારનો પાયો મજબૂત જળવાઈ રહ્યો છે.

આજના કડાકા પહેલાં ગઈકાલે એટલે કે 13 ઓગસ્ટના રોજ પણ ભારતીય બજારમાં ખૂબ જ ઉતાર-ચઢાવ જોવા મળ્યો હતો. ગઈકાલે કારોબારના અંતિમ કલાકોમાં નીચલા સ્તરેથી રિકવરી આવી હતી, જેના કારણે સેન્સેક્સ 114 પોઈન્ટ વધીને 78,080 ની સપાટીએ બંધ થવામાં સફળ રહ્યો હતો. જોકે, નિફ્ટીમાં સતત દબાણ જળવાયેલું રહ્યું હતું અને તે 40 પોઈન્ટના ઘટાડા સાથે 24,396 ની સપાટી પર બંધ થયો હતો. આજના કારોબારમાં પ્રારંભિક કડાકા બાદ હવે ટ્રેડર્સ અને વિશ્લેષકોની નજર આગળના વૈશ્વિક સંકેતો, કાચા તેલની કિંમતો, ડોલર સામે રૂપિયાની ચાલ અને ભારતીય કોર્પોરેટ ક્ષેત્રના ન્યૂઝ ફ્લો પર ટકેલી છે.

# સરકાર ગેરંટી વગર આપી રહી છે 90000 રૂપિયાની લોન: બેંકમાં ફક્ત આધાર કાર્ડ લઈને જાઓ અને મેળવો લોન, 75 લાખથી વધુ લોકોએ લીધો લાભ

મુંબઈ, તા.14

તમે તમારો કોઈ નાનો વ્યવસાય શરૂ કરવાનું વિચારી રહ્યા છો, તો પછી સરકાર પાસેથી આર્થિક મદદ લઈ શકો છો. મોદી સરકારની લારી-ગલ્લાવાળાઓ માટે શરૂ કરાયેલી યોજના તમારા કામ આવી શકે છે. અમે વાત કરી રહ્યા છીએ PM સ્વનિધિ યોજનાની, જેમાં 90,000 રૂપિયા સુધીની લોન મળી જાય છે, તે પણ કોઈ ગેરંટી વગર, સાથે જ સરકાર તરફથી ઘણા લાભો સાથે ક્રેડિટ કાર્ડ પણ આપવામાં આવે છે.

જૂન 2020માં PM સ્વનિધિ યોજનાની શરૂઆત કરવામાં આવી હતી, જેણે કોરોના મહામારી દરમિયાન પોતાનો ધંધો-વેપાર ગુમાવનારા લારી-ગલ્લાવાળાઓને મોટી મદદ કરી. આ યોજના 31 માર્ચ 2030 સુધી ચાલુ રહેશે. ઝડપથી લોકપ્રિય થયેલી આ યોજનામાં લાભાર્થીઓની સંખ્યા 75.5 લાખથી વધુ થઈ ગઈ છે અને 17,800 કરોડ રૂપિયાથી વધુની 1.12 કરોડથી વધુ લોન આપવામાં આવ્યા છે. તેમાંથી 55 લાખથી વધુ લાભાર્થીઓને ડિજિટલી જોડવામાં આવ્યા છે. સરકારી આંકડા જોઈએ તો, PM સ્વનિધિ યોજનાના લાભાર્થીઓને ડિજિટલ કેશબેક અને વ્યાજ સબસિડીથી લગભગ 800 કરોડ રૂપિયા મળ્યા છે.

મોદી સરકારની આ ગેરંટી ફ્રી લોન સ્કીમ હેઠળ પાત્ર લાભાર્થીને



90 હજાર રૂપિયાની આર્થિક મદદ આપવામાં આવે છે, પહેલાં આ રકમ 80,000 રૂપિયા હતી, સરકારે 10000 રૂપિયા વધારી દીધા હતા. PM સ્વનિધિ યોજનામાં લોનની રકમ ત્રણ તબક્કામાં આપવામાં આવે છે, જે લાભાર્થીની ક્રેડિબિલિટીના આધારે આપવામાં આવે છે. મતલબ સ્પષ્ટ છે કે એક હપ્તો ચૂકવ્યા પછી બીજો અને પછી ત્રીજો હપ્તો મળે છે. અરજી મંજૂર થયા પછી સૌથી પહેલાં 15,000 રૂપિયા, પછી 25,000 રૂપિયા અને છેલ્લા હપ્તા તરીકે 50,000 રૂપિયા આપવામાં આવે છે.

સરકાર જરૂરિયાતમંદોને આ યોજના હેઠળ ગેરંટી ફ્રી 90,000 રૂપિયાની લોનની સાથે PM સ્વનિધિના લાભાર્થીઓને UPI લિંક્ડ RuPay ક્રેડિટ કાર્ડ પણ આપવામાં આવે છે. જોકે, તેના માટે સરકારે નિયમો નક્કી કર્યા છે અને તે હેઠળ લોનનો બીજો હપ્તો સમયસર ચૂકવનાર લાભાર્થીને 30,000 રૂપિયા સુધીની લિમિટવાળું ક્રેડિટ કાર્ડ આપવામાં આવે છે. આ ઉપરાંત, છૂટક અને જથ્થાબંધ વ્યવહારો માટે ડિજિટલ પેમેન્ટ પર કેશબેક પણ મળે છે.

PM સ્વનિધિ યોજના હેઠળ સરકાર ત્રણ તબક્કામાં જે 90,000 રૂપિયાની લોન આપી રહી છે, તેના માટે અરજદારને મોટી કાગળની કાર્યવાહીની જરૂર નથી. આ લોન મેળવવા માટે ફક્ત આધાર કાર્ડ હોવું પૂરતું છે. એટલે કે, તમારી સાથે આધાર કાર્ડ લાવો અને લોન લઈ જાઓ. એક અન્ય ખાસ સુવિધાની વાત કરીએ તો, લોનમાં મળેલી રકમને નાના EMI દ્વારા ચૂકવવાની સુવિધા પણ મળે છે. PM સ્વનિધિ યોજના માટે કોઈપણ સરકારી બેંકમાં અરજી કરી શકાય છે. યોજનાનું ફોર્મ લઈને તેમાં માંગેલી માહિતી ભરીને તમારા આધાર કાર્ડની નકલ જોડીને જમા કરાવો. બેંક દ્વારા તમારા દ્વારા ભરેલી માહિતીની તપાસ કર્યા પછી લોન મંજૂર કરવામાં આવે છે. જણાવી દઈએ કે અત્યાર સુધી આ સરકારી યોજનાના કુલ લાભાર્થીઓની સંખ્યામાં 40 ટકા મહિલાઓ છે.

# જથ્થાબંધ મોંઘવારીમાં સામાન્ય રાહત: જુલાઈમાં WPI ઘટીને 9.78% થયો, છતાં ઉત્પાદન ક્ષેત્ર પર દબાણ યથાવત

મુંબઈ, તા.14

દેશમાં સતત વધી રહેલી મોંઘવારી વચ્ચે સામાન્ય ગ્રાહકો અને કારોબારીઓ માટે થોડા રાહતના સમાચાર આવ્યા છે. જુલાઈ મહિનામાં જથ્થાબંધ મોંઘવારી દર (WPI) માં નજીવો ઘટાડો નોંધાયો છે અને તે ઘટીને 9.78 ટકાના સ્તરે આવી ગયો છે. આ અગાઉ એક મહિના પહેલા એટલે કે જૂન મહિનામાં WPI મોંઘવારી દર 9.87 ટકા પર પહોંચ્યો હતો. આ રીતે જુલાઈ મહિનાનો જથ્થાબંધ મોંઘવારી દર જૂન સરખામણીએ 0.09 ટકા જેટલો ઓછો રહ્યો છે. જોકે આ ઘટાડો ખૂબ જ મામૂલી છે, પરંતુ ઊંચા સ્તરે સ્થિર થઈ રહેલી મોંઘવારી વચ્ચે તેને સકારાત્મક સંકેત તરીકે જોવામાં આવી રહ્યો છે. જથ્થાબંધ ભાવ સૂચકાંક એટલે કે WPI ની રચના પર નજર કરીએ તો તેમાં મુખ્યત્વે ત્રણ મહત્વના ઘટકો સામેલ છે, જે દેશના સમગ્ર ઉત્પાદન અને સપ્લાય ચેઈનને આવરી લે છે. આમાં સૌથી વધુ વેઈટેજ મેન્યુફેક્ચર્ડ પ્રોડક્ટ્સ એટલે કે ફેક્ટરીમાં બનતી વસ્તુઓનું છે, જે કુલ સૂચકાંકમાં 64.23 ટકા જેટલો મોટો હિસ્સો ધરાવે છે. આ સિવાય પ્રાથમિક વસ્તુઓ જેમ કે ખાદ્યપદાર્થો અને કાચા માલનો



હિસ્સો 22.62 ટકા છે, જેમાં પણ અલગ અલગ ચાર પેટા વિભાગો પાડવામાં આવ્યા છે. ત્રીજો મહત્વનો ઘટક ફ્યુઅલ અને પાવર એટલે કે ઈંધણ અને વીજળી છે, જેનું વેઈટેજ 13.15 ટકા જેટલું નિશ્ચિત કરવામાં આવ્યું છે.


અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે જથ્થાબંધ મોંઘવારી જો લાંબા સમય સુધી ઊંચા સ્તરે રહે તો તેની અત્યંત વિપરીત અને ખરાબ અસર મોટાભાગના ઉત્પાદક ક્ષેત્રો પર પડે છે. જ્યારે ફેક્ટરીઓ માટે કાચો માલ, ધાતુઓ, પ્રોસેસિંગ અને ઈંધણ મોંઘું થાય છે ત્યારે ઉત્પાદકો શરૂઆતમાં પોતાનો નફો ઘટાડીને પરિસ્થિતિ સંભાળવાનો પ્રયાસ કરે છે, પરંતુ જો મોંઘવારી લાંબા સમય સુધી યથાવત રહે તો તેઓ આખરે આ વધારાનો આર્થિક બોજ સામાન્ય ગ્રાહકો પર નાખવા મજબૂર બને છે. આ જ કારણ છે કે જથ્થાબંધ મોંઘવારી વધ્યાના થોડા સમય બાદ છૂટક બજારમાં પણ ભાવવધારો જોવા મળે છે.

જથ્થાબંધ મોંઘવારીને નિયંત્રિત કરવા માટે સરકાર પાસે મર્યાદિત વિકલ્પો હોય છે અને સરકાર મુખ્યત્વે ટેક્સ કપાત અથવા એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો કરીને જ તેને અમુક અંશે કાબૂમાં લઈ શકે છે. ભૂતકાળમાં જ્યારે વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં તીવ્ર ઉછાળો આવ્યો હતો ત્યારે સરકારે સામાન્ય નાગરિકો અને ઉદ્યોગોને રાહત આપવા માટે ઈંધણ પરની એક્સાઈઝ ડ્યુટીમાં મોટો ઘટાડો કર્યો હતો. જોકે, સરકાર પણ એક ચોક્કસ મર્યાદા સુધી જ ટેક્સમાં ઘટાડો કરી શકે છે કારણ કે તેનાથી સરકારી તિજોરી પર બોજ વધે છે. WPI માં મેટલ, કેમિકલ, પ્લાસ્ટિક અને રબર જેવી ફેક્ટરી સંબંધિત મહત્વની ચીજવસ્તુઓનું વધુ વેઈટેજ હોવાથી વૈશ્વિક સપ્લાય ચેઈન અને કાચા માલના ભાવ તેની ગતિ નક્કી કરે છે. ભારતીય અર્થતંત્રમાં મોંઘવારીને બે અલગ અલગ માપદંડો દ્વારા માપવામાં આવે છે, જેમાં એક રિટેલ એટલે કે છૂટક મોંઘવારી અને બીજી જથ્થાબંધ મોંઘવારી છે. છૂટક મોંઘવારી દર સામાન્ય ગ્રાહકો દ્વારા દૈનિક જીવન જરૂરિયાતની વસ્તુઓ ખરીદતી વખતે ચૂકવવામાં આવતી કિંમતો પર આધારિત હોય છે.

# ટ્રમ્પે ડ્રોન આયાત પર 100% સુધી ટેરિફ લગાવ્યો: ચીન પર નિર્ભરતા ઘટાડવા માટે રાષ્ટ્રીય સુરક્ષાનો હવાલો આપ્યો, UK-EU સહિત 7 દેશો પર શુલ્ક વધાર્યો

વોશિંગ્ટન, તા.14

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રાષ્ટ્રીય સુરક્ષા અને આર્થિક હિતોને ધ્યાનમાં રાખીને એક અત્યંત મહત્વપૂર્ણ અને સખત નિર્ણય લીધો છે. ટ્રમ્પ પ્રશાસને માનવરહિત વિમાન એટલે કે ડ્રોન અને તેના વિવિધ કમ્પોનન્ટ્સની આયાત પર 100 ટકા સુધીનો જંગી સીમા શુલ્ક એટલે કે ટેરિફ લાગુ કરવાની સત્તાવાર જાહેરાત કરી છે. મુખ્યત્વે ચીનના વર્ચસ્વ વાળા આ ટેકનોલોજી ક્ષેત્રમાં અન્ય વિદેશી દેશો પરની નિર્ભરતા ઘટાડવા અને રાષ્ટ્રીય સુરક્ષાને મજબૂત કરવાના ઉદ્દેશ્યથી આ પગલું ભરવામાં આવ્યું છે. વ્હાઈટ હાઉસ દ્વારા જારી કરાયેલા સત્તાવાર નિવેદનમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ નિર્ણયથી અમેરિકામાં જ ડ્રોન અને તેના કમ્પોનન્ટ્સનું સ્થાનિક ઉત્પાદન ઝડપથી વધશે અને વિદેશી સપ્લાય ચેઈન પરની નિર્ભરતામાં મોટો ઘટાડો થશે. રાષ્ટ્રીય સુરક્ષાની દૃષ્ટિએ અત્યંત સંવેદનશીલ ગણાતા ડ્રોન પર સૌથી વધુ 100 ટકા ટેરિફ લાદવામાં આવશે. આ 100 ટકા ટેરિફ ખાસ કરીને 25 કિલોગ્રામથી વધુ વજન ધરાવતા અથવા થર્મલ ઈમેજિંગ જેવી અદ્યતન ક્ષમતાઓ ધરાવતા ડ્રોન પર લાગુ કરવામાં આવશે. બીજી તરફ, જે ડ્રોનનું ટેક-ઓફ વજન 25 કિલોગ્રામ કે તેથી ઓછું છે, તેમના પર 25 ટકાનો સીમા શુલ્ક લાગુ થશે. આદેશ પર હસ્તાક્ષર થયાના 21 દિવસની અંદર મોટાભાગના નવા ટેરિફ અમલમાં આવી જશે, જ્યારે જે ડ્રોન કમ્પોનન્ટ્સ ખૂબ જ સંવેદનશીલ શ્રેણીમાં આવતા નથી, તેમના પર ટેરિફ 180 દિવસ પછી લાગુ થશે. આ સિવાય એક ખાસ છૂટછાટ પણ આપવામાં આવી છે, જે મુજબ હસ્તાક્ષરના 20 દિવસની અંદર અમેરિકી યુદ્ધ વિભાગ દ્વારા એફસીસીની 'કવર્ડ લિસ્ટ'માંથી મુક્તિ મેળવેલા ઉત્પાદનો અને કમ્પોનન્ટ્સ પર પણ ટેરિફ 180 દિવસ પછી જ લાગુ કરવામાં આવશે. વોશિંગ્ટન દ્વારા લેવાયેલા આ આકરા નિર્ણયની વિશેષતા એ છે કે તેમણે માત્ર ચીન જેવા વિરોધી દેશો પર જ નહીં, પરંતુ પોતાના જૂના સહયોગી દેશોમાંથી આવતા ડ્રોન પર પણ ટેરિફ ઝીંકી દીધો છે. યુરોપિયન યુનિયન, જાપાન, લિક્ટેનસ્ટેઈન, દક્ષિણ કોરિયા, સ્વિટ્ઝર્લેન્ડ અને તાઈવાનથી



આયાત થતા ડ્રોન અને તેના પાર્ટ્સ પર 15 ટકા સીમા શુલ્ક વસૂલવામાં આવશે. આ સિવાય યુનાઈટેડ કિંગડમ એટલે કે યુકેથી આવતા ડ્રોન પર 10 ટકા શુલ્ક લાગશે, પરંતુ તેના માટે શરત એ રહેશે કે તેમના મોટાભાગના હાર્ડવેર, સોફ્ટવેર અને ટેકનોલોજીની ઉત્પત્તિ યુકે અથવા અમેરિકામાં જ થઈ હોવી જોઈએ.

ફાઈનાન્સિયલ ટાઈમ્સના અહેવાલ મુજબ, ટ્રમ્પ પ્રશાસન ચીની ડ્રોન ટેકનોલોજી પર પોતાની કાર્યવાહી સતત તેજ કરી રહ્યું છે ત્યારે આ નિર્ણય અત્યંત મહત્વપૂર્ણ બની જાય છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં ફેડરલ કોમ્યુનિકેશન્સ કમિશન એટલે કે એફસીસીએ ચીની ડ્રોનની આયાત પર પ્રતિબંધ મૂક્યો હતો અને વિરોધી દેશોના ડ્રોનને વાયરલેસ કોમ્યુનિકેશન્સની મંજૂરી આપવા પર રોક લગાવી દીધી હતી. હાલમાં વૈશ્વિક બજારમાં ચીનના શેનઝેન સ્થિત જાણીતી કંપની ડીજીઆઈ ટેકનોલોજીસનું એકહથ્થુ પ્રભુત્વ છે, જેનો ગયા વર્ષ સુધી અમેરિકી કોમર્શિયલ ડ્રોન બજારમાં લગભગ 70 ટકા જેટલો વિશાળ હિસ્સો હતો. તાજેતરમાં ચીને પણ અમેરિકી વેપારી પ્રતિબંધોના વળતા જવાબરૂપે અમેરિકાને ડ્રોન નિકાસ કરવા પર રોક લગાવી હતી અને છ અમેરિકી કંપનીઓને બ્લેકલિસ્ટ કરી દીધી હતી. બ્લૂમબર્ગના રિપોર્ટ અનુસાર, હાલમાં ચાલી રહેલા રશિયા-યુક્રેન યુદ્ધે આધુનિક યુદ્ધક્ષેત્રમાં ડ્રોનની નિર્ણાયક ભૂમિકાને સમગ્ર વિશ્વ સામે ઉજાગર કરી છે. બંને દેશો દ્વારા પોતાના વિસ્તારના રક્ષણ અને દુશ્મનના વિસ્તાર પર કબજો કરવા માટે જે રીતે ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો છે તેણે એક નવા 'હાઈબ્રિડ વોર'ની શરૂઆત કરી દીધી છે. ટ્રમ્પે પોતાના સત્તાવાર પત્રમાં અનમેન્ડ એરક્રાફ્ટ સિસ્ટમને અમેરિકાની રાષ્ટ્રીય અને આર્થિક સુરક્ષા માટે અત્યંત જરૂરી અને સંવેદનશીલ ગણાવ્યું છે.

અમેરિકા અને ચીન વચ્ચેની ટેકનોલોજી સ્પર્ધાના અગ્રણી નિષ્ણાત ક્રેગ સિંગલટને જણાવ્યું છે કે આ નિર્ણય વૈશ્વિક કોમર્શિયલ ડ્રોન માર્કેટને સંપૂર્ણપણે નવો આકાર આપશે. આ નિર્ણય ચીનના ડ્રોન ઉદ્યોગ અને તેની નિકાસને ગંભીર રીતે અસર કરશે, જેના કારણે ટ્રમ્પ અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે યોજાનારી આગામી ઉચ્ચસ્તરીય બેઠક પહેલાં બંને મહાસત્તાઓ વચ્ચે રાજદ્વારી અને વેપાર તણાવ વધુ વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. સામાન્ય ભાષામાં અનમેન્ડ એરક્રાફ્ટ સિસ્ટમ એટલે કે યુએએસને ડ્રોન તરીકે ઓળખવામાં આવે છે. આ એક એવા પ્રકારના અદ્યતન વિમાનો હોય છે જેમાં કોઈ માનવીય પાયલટ રૂબરૂ બેસતો નથી, પરંતુ તેને જમીન પરથી રિમોટ કંટ્રોલ અથવા ઓટોમેટિક સોફ્ટવેર પ્રોગ્રામિંગ દ્વારા આકાશમાં ઉડાડવામાં આવે છે. વર્તમાન સમયમાં ડ્રોનનો ઉપયોગ માત્ર ફોટોગ્રાફી કે સામાનની ડિલિવરી સુધી સીમિત નથી રહ્યો, પરંતુ મિલિટરી સર્વેલન્સ, બોર્ડર સિક્યુરિટી અને યુદ્ધ દરમિયાન સચોટ હુમલા કરવા માટે પણ વ્યાપક પાયે થઈ રહ્યો છે.

# સ્કાયવેઝ એર સર્વિસિસનો IPO 24 ઓગસ્ટે ખુલશે: પ્રાઈસ બેન્ડ ₹131-₹138 નક્કી, કંપની ₹216.78 કરોડનું દેવું ચૂકવશે

નવી દિલ્હી, તા.14

ભારતીય પ્રાઈમરી માર્કેટમાં વધુ એક લોજિસ્ટિક્સ દિગ્ગજ કંપની પ્રવેશ કરવા જઈ રહી છે. દેશની અગ્રણી એર ફ્રેઈટ ફોરવર્ડિંગ કંપની સ્કાયવેઝ એર સર્વિસિસનો પ્રારંભિક જાહેર ભરણું એટલે કે IPO આગામી 24 ઓગસ્ટ 2026થી રોકાણકારો માટે ખુલ્લો મુકાશે. કંપનીએ આ ઈશ્યૂ માટે પ્રતિ શેર 131 થી 138 ની પ્રાઈસ બેન્ડ નિર્ધારિત કરી છે. રોકાણકારો 24 ઓગસ્ટથી લઈને 27 ઓગસ્ટ 2026 સુધી આ ઈશ્યૂમાં સબસ્ક્રિપ્શન માટે પોતાની બોલી લગાવી શકશે. સામાન્ય અને રિટેલ રોકાણકારોએ આ ઈશ્યૂમાં અરજી કરવા માટે ઓછામાં ઓછા 100 શેરનો એક લોટ ખરીદવો પડશે, અને ત્યારબાદ 100 શેરના ગુણાંકમાં પોતાની બિડ વધારી શકાશે. આ શેરનું લિસ્ટિંગ દેશના બંને મુખ્ય સ્ટોક એક્સચેન્જ બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) પર કરવામાં આવશે.

આ જાહેર ભરણાની વિગતો આપતા કંપનીએ જણાવ્યું છે કે આ ઈશ્યૂ હેઠળ કુલ 2,88,98,300 એટલે કે લગભગ 2.88 કરોડ નવા શેર જારી કરવામાં આવશે, જેની ફેસ વેલ્યુ 10 પ્રતિ શેર નક્કી કરાઈ છે. આ નવા ઈશ્યૂ ઉપરાંત કંપનીના હાલના પ્રમોટર્સ અને શેરધારકો ઓફર ફોર સેલ એટલે કે OFS મારફતે કુલ 1,33,33,300 શેર એટલે કે 1.33 કરોડ શેરનું વેચાણ કરશે. પ્રમોટર હિસ્સેદારીના વેચાણ પર નજર કરીએ તો પ્રમોટર યશપાલ શર્મા 71,20,690 શેર અને તરૂણ શર્મા 24,60,000 શેર વેચશે. આ ઉપરાંત અન્ય શેરધારકો હિમાંશુ છાબરા 18,66,000 શેર અને રોહિત સહગલ 18,86,610 શેરનું વેચાણ કરી રહ્યા છે.



નવા શેરના વેચાણથી એકત્ર કરવામાં આવેલા ભંડોળનો ઉપયોગ કંપની પોતાની બેલેન્સ શીટને મજબૂત કરવા અને આગામી સમયમાં બિઝનેસ વિસ્તારવા માટે કરશે. કંપની અને તેની મુખ્ય પેટાકંપની 'ફોરિન કન્ટેનર લાઈન પ્રાઈવેટ લિમિટેડ'ના માથે રહેલા જૂના દેવાની ચુકવણી કરવા માટે 216.78 કરોડનો મોટો હિસ્સો વાપરવામાં આવશે, જેનાથી કંપનીનો વ્યાજનો બોજ ઘટશે. આ સિવાય કંપનીના દૈનિક કારોબાર અને કાર્યકારી જરૂરિયાતોને પૂરી કરવા માટે 130 કરોડની રકમ વર્કિંગ કેપિટલ તરીકે અનામત રાખવામાં આવશે, જ્યારે બાકીની રકમનો ઉપયોગ સામાન્ય કોર્પોરેટ જરૂરિયાતો અને અન્ય કામકાજમાં કરવામાં આવશે.

વર્ષ 1984થી લોજિસ્ટિક્સ ક્ષેત્રે કાર્યરત સ્કાયવેઝ એર સર્વિસિસ ભારતની એર ફ્રેઈટ ફોરવર્ડિંગ અને સપ્લાય ચેઈન ઈન્ડસ્ટ્રીમાં ખૂબ જ મજબૂત સ્થાન ધરાવે છે. વર્લ્ડ એસીડીના વૈશ્વિક ડેટા અનુસાર, એરવે બિલ્સ એટલે કે AWB જનરેશનના મામલે આ કંપની સતત ચાર વર્ષ - 2022, 2023, 2024 અને 2025 સુધી સમગ્ર ભારતમાં નંબર-1 પોઝિશન પર કાયમ રહી છે. સર સરળ ભાષામાં કહીએ તો, એર વે-બિલ એ એક કાનૂની રસીદ અને દસ્તાવેજ છે જે એરલાઈન અથવા ફ્રેટ ફોરવર્ડર દ્વારા માલની હેરફેર માટે જારી કરાય છે, જેમાં સામાનની વિગત, મોકલનાર, મેળવનાર અને રૂટની માહિતી નોંધાયેલી હોય છે. દેશમાંથી વિદેશમાં મોકલવામાં આવતા એર કાર્ગોના સૌથી વધુ કન્સાઈનમેન્ટ પ્રોસેસ કરવાનો મોટો રેકોર્ડ આ કંપની ધરાવે છે.

કંપની માત્ર એર ફ્રેઈટ પૂરતી સીમિત નથી, પરંતુ તે ઓશન ફ્રેઈટ ફોરવર્ડિંગ, ટ્રકિંગ, વેરહાઉસિંગ, કસ્ટમ બ્રોકિંગ, ટેકનોલોજી આધારિત એક્સપ્રેસ કાર્ગો અને પાર્સલ ડિલિવરીની બહુવિધ સેવાઓ પણ પૂરી પાડે છે. ગ્રાહકોને વ્યાપક સપોર્ટ આપવા માટે કંપની લોજિસ્ટિક્સ પ્લાનિંગ, કાર્ગો હેન્ડલિંગ, વેરહાઉસિંગ સોલ્યુશન્સ, ડોક્યુમેન્ટેશન, કસ્ટમ્સ ક્લિયરન્સ અને ગ્લોબલ કનેક્ટિવિટી જેવી વેલ્યુ એડેડ સેવાઓ પણ ઓફર કરે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાના કામકાજને મજબૂત બનાવવા માટે કંપનીએ સાઉદી કાર્ગો, એર ઈન્ડિયા કાર્ગો, એમિરેટ્સ, લુફ્થાન્સા અને કતાર એરવેઝ (જેની રિન્યુઅલ પ્રક્રિયા ચાલુ છે) જેવી વિશ્વની અગ્રણી એરલાઈન્સ સાથે પરફોર્મન્સ-આધારિત કરારો કરેલા છે. પોતાના લોજિસ્ટિક્સ નેટવર્ક અને કામકાજને સુવ્યવસ્થિત રાખવા માટે કંપની ઈન-હાઉસ વિકસાવેલા અદ્યતન ટેકનોલોજી પ્લેટફોર્મ્સનો ઉપયોગ કરે છે. આ ડિજિટલ પ્લેટફોર્મ્સ રિયલ-ટાઈમ ફ્રેટ બુકિંગ, શિપમેન્ટ ટ્રેકિંગ, ઓટોમેશન અને રિપોર્ટિંગની પ્રક્રિયાને અત્યંત સરળ બનાવે છે. કંપનીના નાણાકીય પ્રદર્શન પર નજર કરીએ તો છેલ્લા બે વર્ષમાં કંપનીના નફામાં જોરદાર ઉછાળો જોવા મળ્યો છે. ઓપરેશન્સમાંથી થતી રેવન્યુ નાણાકીય વર્ષ 2023-24ના 1,289.1 કરોડથી નોંધપાત્ર રીતે વધીને નાણાકીય વર્ષ 2025-26માં 2,812.9 કરોડ પર પહોંચી ગઈ છે. આ જ ગાળા દરમિયાન કંપનીનો ચોખ્ખો નફો 34.49 કરોડથી લગભગ બમણો થઈને 63.5 કરોડ સુધી પહોંચી ગયો છે, જે કંપનીની મજબૂત નાણાકીય સ્થિતિ દર્શાવે છે.

# ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સનો નફો 80% ઘટ્યો: પ્રથમ ક્વાર્ટરમાં ₹775 કરોડ રહ્યો, કારણ- જગુઆર લેન્ડરોવરની સપ્લાય ચેઇનમાં અવરોધ

મુંબઈ, તા.14

ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ દ્વારા નાણાકીય વર્ષના પ્રથમ ક્વાર્ટર (એપ્રિલ-જૂન)ના નાણાકીય પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. આ ક્વાર્ટરમાં કંપનીના ચોખ્ખા નફામાં વાર્ષિક ધોરણે 80 ટકાથી વધુનો મોટો કડાકો જોવા મળ્યો છે. કંપનીનો ચોખ્ખો નફો ઘટીને 775 કરોડ પર આવી ગયો છે, જે વિતેલા નાણાકીય વર્ષના આ જ સમાન ક્વાર્ટરમાં 3,924 કરોડ નોંધાયો હતો. નફામાં આ તીવ્ર ઘટાડા પાછળ સ્પેરપાર્ટ્સના પુરવઠામાં આવેલી અડચણો, કંપનીના એક મોટા મુખ્ય કમ્પોનન્ટ સપ્લાયરના ઉત્પાદન એકમમાં લાગેલી આગ, મિડલ ઈસ્ટમાં ચાલી રહેલો ભૌગોલિક અને રાજકીય સંઘર્ષ તથા જગુઆરના જૂના મોડલ્સનું પ્રોડક્શન બંધ થવા જેવા અનેક વૈશ્વિક તથા સ્થાનિક પરિબળો જવાબદાર રહ્યા છે.

ચોખ્ખા નફામાં કડાકો આવ્યો હોવા છતાં, કંપનીનો મુખ્ય બિઝનેસ ગ્રોથ મજબૂત રહ્યો છે. કંપનીની ઓપરેશનલ રેવન્યુ એટલે કે કામકાજી આવક વાર્ષિક ધોરણે 9 ટકાથી વધુના વધારા સાથે 95,799 કરોડ પર પહોંચી ગઈ છે, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં 87,677 કરોડ હતી. જોકે,



પડકારોના કારણે કંપનીનો EBITDA માર્જિન 130 બેસિસ પોઈન્ટ્સ ઘટીને 7.4 ટકા રહ્યો છે. આ ઉપરાંત, આ ક્વાર્ટરના પરિણામોમાં 32 કરોડનું અપવાદરૂપ નુકસાન (Exceptional Loss) પણ સામેલ છે. પરિણામોની સીધી અસર કંપનીના અર્નિંગ પર શેર એટલે કે EPS પર પણ પડી છે અને તે 2.10 પ્રતિ શેર પર આવી ગયો છે, જે અગાઉના વર્ષના સમાન ગાળામાં 6.84 પ્રતિ શેર હતો.

ટાટા ગ્રુપની બ્રિટન સ્થિત પ્રીમિયમ કાર ઉત્પાદક કંપની જગુઆર લેન્ડ રોવર (JLR) ની કામગીરી પણ પ્રભાવિત થઈ છે. JLR ના હોલસેલ વેચાણમાં વાર્ષિક ધોરણે 9 ટકાનો ઘટાડો નોંધાયો છે. વેચાણમાં આ ઘટાડાના મુખ્ય કારણો સપ્લાયર પ્લાન્ટમાં આગની ઘટના, મિડલ ઈસ્ટ સંઘર્ષ અને આગામી જગુઆર ટાઈપ 01 ના વૈશ્વિક લોન્ચિંગ પહેલા જૂના જગુઆર મોડલ્સનું ઉત્પાદન તબક્કાવાર બંધ કરવું રહ્યા છે. આ ક્વાર્ટરમાં JLR ની કુલ આવક પણ લગભગ 9 ટકા ઘટીને 6 બિલિયન રહી છે, જ્યારે તેનો નફો 73 ટકા જેટલો ઘટીને 66 મિલિયન પર આવી ગયો છે. પરિણામો પર પ્રતિક્રિયા આપતાં JLR ના સીઈઓ પીબી બાલાજીએ જણાવ્યું છે કે પ્રારંભિક અને ક્ષણિક પડકારો છતાં વૈશ્વિક બજારમાં તેમની પ્રીમિયમ બ્રાન્ડ્સની માંગ અત્યંત મજબૂત જળવાઈ રહી છે. કંપની ટૂંક સમયમાં જ રેન્જ રોવર ઈલેક્ટ્રિક, રેન્જ રોવર સ્પોર્ટ્સ ઈલેક્ટ્રિક, રેન્જ રોવર GT અને જગુઆર ટાઈપ 01 જેવા પ્રીમિયમ મોડલ્સ લોન્ચ કરવા જઈ રહી છે. બીજી તરફ, ટાટામોટર્સ પેસેન્જર વ્હીકલ્સના એમડી અને સીઈઓ શૈલેષ ચંદ્રએ ઉમેર્યું કે નાણાકીય વર્ષ 2026-27 ના પ્રથમ ક્વાર્ટરની શરૂઆત કંપની માટે સ્થાનિક સ્તરે મજબૂત રહી છે. તાજેતરમાં લોન્ચ થયેલા મોડલ્સની સફળતાના કારણે વેચાણમાં 46 ટકાનો મોટો ઉછાળો જોવા મળ્યો છે. સપ્લાય ચેઈનની મુશ્કેલીઓને કારણે સિયેરાનું વોલ્યુમ થોડું પ્રભાવિત થયું હતું, પરંતુ ગ્રાહકોનો ઉત્સાહ યથાવત છે અને નવી Sierra.ev ને પણ બજારમાંથી અપેક્ષા કરતાં ઘણો વધુ સકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની સૌને ખૂબ-ખૂબ શુભકામનાઓ...

૮૦મું સ્વાતંત્ર્ય પર્વ અમરેલી ૨૦૨૬
૧૫ ઑગસ્ટ
રાજ્ય મહોત્સવ

ગૌરવ, એકતા અને ઉત્સવનો અવસર



માનનીય મુખ્યમંત્રી
## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની
ગરિમામયી ઉપસ્થિતિમાં


### રાજ્યકક્ષાનો ધ્વજવંદન કાર્યક્રમ

**તારીખ:** ૧૫ ઑગસ્ટ-૨૦૨૬, શનિવાર,
**સવારે:** ૯.૦૦ વાગે, **સ્થળ:** પોલીસ પરેડ ગ્રાઉન્ડ, અમરેલી

## વિકાસના માર્ગે અડીખમ ગુજરાત



### ખેડૂત કલ્યાણ
અન્નદાતાની મહેનતને મળ્યો ટેક્નોલોજીનો સાથ: i-Khedut 2.0 પોર્ટલ, 'કૃષિ પ્રગતિ' એપ અને AI ચેટબોટ દ્વારા ખેતીમાં ડિજિટલ ક્રાંતિ




### જનજાતિય સમૃદ્ધિ
વનવાસી સુધી પહોંચી સમૃદ્ધિ: તમામ આદિવાસી જિલ્લાઓમાં ઉત્કૃષ્ટ શિક્ષણ વ્યવસ્થા, આધુનિક આરોગ્ય અને પાકા રસ્તાઓની સુગમતા



### આરોગ્ય સુવિધા
જન-જનને મળશે શ્રેષ્ઠ સારવાર: ₹૧૦ લાખના સુરક્ષા કવચ અને આધુનિક હોસ્પિટલોથી સક્ષમ બનતું ગુજરાત




### યુવા વિકાસ
'વિકસિત ગુજરાત' ના નિર્માણમાં યુવાનોની સહભાગિતા: 'શક્તિદૂત ૨.૦' યોજનાનો શુભારંભ



### શહેરી વિકાસ
વિશ્વસ્તરીય ઇન્ફ્રાસ્ટ્રક્ચર સાથે શહેરોને મળી નવી ઓળખ: પ્રદૂષણમુક્ત ઈ-બસ સેવાઓ અને સ્માર્ટ સિટીઝ દ્વારા સુવિધાસભર શહેરી જીવન



### મહિલા સ્વાવલંબન
સુરક્ષિત અને સ્વાવલંબી નારી: સ્વ-સહાય જૂથો અને આત્મનિર્ભરતા દ્વારા આર્થિક રીતે પગભર બનતી રાજ્યની 'લખપતિ દીદીઓ'



"૮૦મું સ્વાતંત્ર્ય પર્વ એ દેશની આઝાદીનો મહામહોત્સવ તેમજ દેશની એકતા, અખંડિતતા અને રાષ્ટ્રગૌરવને ઉજવવાનો અવસર છે."
**- હર્ષ સંઘવી,** નાયબ મુખ્યમંત્રી, ગુજરાત